
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ શ્રી પાવાપુરી તીર્થ



ડાંગરોના ધવળ ખેતરો વચ્ચે ઊભેલું શ્રી જળમંદિરનું એક વિહંગ: દૃશ્ય

સંવત ૧૯૯૫
આશ્વિન

પુસ્તક ૩૭ મું.
અંક ૩ જો

# શ્રી આત્માનંદ પ્રકાશ

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧ પ્રભુસ્તુતિ | ( સંઘવી ડુંગરશી ગોવીંદજી ) | ૬૩ |
| ૨ દિવાળી | ( આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૬૪ |
| ૩ શ્રી શ્રુતજ્ઞાન | ( પં. શ્રી. ધર્મવિજયજી ગણિ ) | ૬૬ |
| ૪ જે વિચારો પ્રધાનપણે ભોગવાતા હોય તેજ વિચારો મરતી વખતે ઊભા રહે છે. | ( સ્વામી રામતીર્થ ) | ૬૯ |
| ૫ મુનિ-ગુણ-મહિમા | ( મુ. શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૭૦ |
| ૬ પંથ દર્શન | ( લેખક ચોકસી ) | ૭૧ |
| ૭ ઇચ્છાઓને પરિપૂર્ણ કરવી હોય તો ઇચ્છાઓને છોડી દો; ઇચ્છાઓનો ભોગ આપો | ( સ્વામી રામતીર્થ ) | ૭૩ |
| ૮ અભયંકર નૃપનું અદ્‌ભુત ચરિત્ર | ( સં. ગાંધી ) | ૭૬ |
| ૯ શું તમને તમારા સર્વશક્તિમાન આત્મા વિષે શંકા છે ? | ( સ્વામી રામતીર્થ ) | ૭૮ |
| ૧૦ અનેકાન્તવાદ--સ્યાદ્વાદ | ( ઉધ્ધૃત ) | ૭૯ |
| ૧૧ પાંચ સકાર : : સંતોષ | ( અનુ૦ અભ્યાસી B. A. ) | ૮૩ |
| ૧૨ સાચો શ્રમણ | ( શ્રી કુંદકુંદાચાર્ય ) | ૮૫ |
| ૧૩ આત્મહિતશિક્ષા ભાવના | ( આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૮૬ |
| ૧૪ પ્રવાહના પ્રશ્નો ... | ... ... ... | ૮૭ |
| ૧૫ વર્તમાન સમાચાર | ... ... ... | ૮૯ |
| ૧૬ સ્વીકાર અને સમાલોચના | ... ... ... | ૯૦ |


---

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરની લાઇબ્રેરીના સભ્યોને નમ્ર સૂચના.**

કેટલાક સભાસદો તથા ડીપોઝીટ વગેરેથી બુકો લઇ જનાર વાચકોને વિનંતિ છે કે ઘણા લાંબા સમયથી લાઇબ્રેરીના કેટલાક વાચકો પાસે પુસ્તકો બાકી છે. તેઓએ પુસ્તકે સભાએ આપી જવા અથવા તેના પૈસા મોકલી આપવા વિનંતિ છે. આ બાબતની સૂચના જેઓ પાસે બુકો છે તેઓને આપવામાં આવેલ છે અને જેઓને સૂચના ન મળી હોય તેઓએ આ જાહેર સૂચનાને ધ્યાનમાં રાખી બુકો પાછી મોકલી અન્ય વાંચકોને સરળતા કરી આપવા વિનંતિ છે.

---


## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર. તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઇડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂા. ૦—૧—૩ મળી મંગાવનારે રૂા. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ટ્રસ્ટ બોર્ડનું નિવેદન.

ઉપરોક્ત બોર્ડ તરફથી નીચે મુજબ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે. શ્રી આત્માનંદ શતાબ્દિસ્મારક ગ્રંથમાળાના અનુક્રમે તે પ્રથમ અને દ્વિતીય પુષ્પ છે. એ ઉપરાંત 'ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ' નામા પુસ્તક પ્રેસમાં છપાઇ રહ્યું છે તેમજ શ્રીમદ્ હેમચંદ્રસૂરિજીના જીવન પરત્વે અને તેઓશ્રીની કૃતિઓ સંબંધમાં કારતક શુદ પૂર્ણિમા લગભગ બે પુસ્તકો પ્રગટ કરી શકાય તેવી તૈયારી ચાલુ છે. એ દરેક પુસ્તકો શતાબ્દિ ફંડના સભ્યોને મફત આપવાનો ઠરાવ કરવામાં આવે છે. મુંબઇમાં મંત્રીને સરનામે પત્ર લખી મંગાવી લેવાની જવાબદારી સભ્યોને શિરે રહે છે એ વાતની નોંધ લેવા વિનંતિ છે.

બોર્ડ તરફથી ઠરાવ કરવામાં આવ્યો છે કે જે સંસ્થાઓ સાર્વજનિક રીતે ચલાવાતી હોય તેને તેમજ સાહિત્યના અભ્યાસકોને શતાબ્દિ સ્મારક ગ્રંથ ભેટ આપવો. સ્મારક ગ્રંથ દળદાર ને લગભગ વજનમાં ચાર રતલ છે.

આ ઠરાવની મર્યાદા માગ. શુદ ૧૧ સુધીની રાખવામાં આવી છે. સંસ્થા યા અભ્યાસકે પોસ્ટેજ પેકીંગ ખર્ચ સારૂ આનાવાળા સ્ટાંપ ચાર મંત્રીના સરનામે મોકલવા તેમજ રેલ્વે પારસલ પહોંચી શકે તેવું પૂરૂં સરનામું જણાવવું. રેલ્વે પારસલનો ખર્ચ મંગાવનારના શિરે છે તેમ એક નકલ મળી શકશે નહીં એની નોંધ લેવી.

નોટઃ—અભ્યાસી સાધુ-સાધ્વીને પણ ઉપરના કાનુન મુજબ સ્મારક ગ્રંથ ભેટ અપાશે.

**પુષ્પ ૧ લું—તત્ત્વાર્થ સૂત્ર.** ( હિંદી ભાષામાં ) **રૂા. ૧—૮—૦**

વાચકવર્ય ઉમાસ્વાતિ મહારાજપ્રણીત, વિવેચન કર્તા પંડિત સુખલાલજી. જૈન ધર્મના સર્વોત્તમ ગ્રંથ પૈકીનો—સર્વદેશીય તત્ત્વોનું પ્રતિપાદન કરતો—આ ગ્રંથ ઘણી જ મહેનતે તૈયાર કરાવવામાં આવ્યો છે. ૪૩ ફર્માના આ ગ્રંથમાં પંડિત સુખલાલજીએ પરિચયમાં જ ૧૬૦ પાના રોકયા છે. ભાષા હિંદી છતાં સરળ છે. પા. ૧૦૮ થી ૧૪૭ માં અભ્યાસ વિષયક સૂચન તેમજ મૂળ સૂત્રો આપ્યા છે. વિવેચનમાં લગભગ પાના ૪૦૦ લીધા છે. આ ઉપરાંત વિષયાનુક્રમ તેમજ પારિભાષિક શબ્દકોષ આપી ગ્રંથગૌરવ વધાર્યું છે. જૈન ધર્મના પ્રખર અભ્યાસી તરિકે પંડિતજીની જે છાપ છે તેનો સાક્ષાત્કાર આ ગ્રંથ હાથમાં લેતાં જ થાય તેમ છે.

**પુષ્પ ૨ જું—વીર પ્રવચન.** ( ગુજરાતી ભાષામાં ) **રૂા. ૦—૧૦—૦**

લેખક—**મોહનલાલ દીપચંદ ચોકસી** આવૃત્તિ બીજી

જૈન ધર્મ વિષયિક ટૂંકમાં સર્વે જાતનું જ્ઞાન આપનાર આ પુસ્તક સૌ કોઇ વાંચી શકે તેવી સરળ ભાષામાં લખાયેલ છે. બાબુ પી. પી. સ્કુલમાં છેલ્લા બે વર્ષથી ધાર્મિક ટેકસ્ટ બુક તરિકે ચાલુ થયેલ છે. સવા ત્રણસો પાનાના આ પુસ્તકમાં જૈન ધર્મની વ્યાખ્યાથી માંડી ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, વિધિ-વિધાન અને વર્તમાન સાધન-સામગ્રી પર્યંત અંગુલીનિર્દેશ કરવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નોટ**—શતાબ્દિ ફંડનો ઉદ્દેશ સાહિત્યને લાગટ કરતાં ઓછી કિંમતે પ્રચારવાનો હોવાથી તેમજ ઊગતી પ્રજાને એમાં વધુ રસ લેતી કરવાના ઇરાદાથી કિંમતનો ક્રમ નીચે પ્રમાણે છે.

૧ તત્ત્વાર્થ સૂત્ર રૂા. ૧–૨–૦ અને ૨ વીર પ્રવચન રૂા. ૦–૧૦–૦

બહાર ગામથી મંગાવનારે અનુક્રમે પોસ્ટેજના ૦–૬–૦ અને ૦–૪–૦ કિંમત ઉપરાંત મોકલવા.

**તા૦ ક૦**—સાધુ સાધ્વીઓને ભેટ આપવા સારૂ કે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવા અર્થે તત્વાર્થ સૂત્રની એક સામટી ૨૫ નકલ લેનાર માટે ૦–૧૨–૦ પ્રમાણે આપવામાં આવશે. વધુ નકલો મળી શકશે નહીં. એ સંબંધમાં મંત્રીના સરનામે લખવું.

## સસ્તા સાહિત્યની યોજના.

**૧ શતાબ્દિ સ્મારક ગ્રંથ**—( લાગટ રૂ૦ ૪ છતાં ) કિંમત ... ... રૂ૦ ૨–૮–૦

ઈંગ્લીશ લેખો ૩૫ પાના ૧૮૮, હિંદી લેખો ૪૦ પાના ૨૧૩, ગુજરાતી લેખો ૫૮ પાના ૪૦૦, લગભગ ૧૫૦ ચિત્રો વિવિધ સામગ્રી ને સુંદર શોભન ચિત્રોયુક્ત આ ગ્રંથ પ્રત્યેક જૈન ગૃહના શણગાર રૂપ છે.

**૨ તત્વાર્થ સૂત્ર**— ... ... ... ... ... ... કિંમત રૂ૦ ૧–૮–૦

પ્રકાશકના વક્તવ્યથી આરંભી .વિવેચનના વિષયાનુક્રમ સુધીમાં પાના ૧૪૭. તત્વાર્થ સૂત્રના વિવેચનમાં પાના ૧ થી ૩૯૦. પારિભાષિક શબ્દકોષમાં પાના ૩૯૧ થી ૪૬૪.

**૩ વીર પ્રવચન**— ... ... ... ... ... કિંમત રૂ૦ ૦-૧૦-૦

———

૪–૧૦–૦

ઉપરના ત્રણ દળદાર પુસ્તકો માત્ર રૂા. ૨–૪–૦ માં દિવાળી સુધી આપવામાં આવશે. સીલીકમાં હશે ત્યાં સુધી આ લાભ ચાલુ રહેશે.

બહારગામથી મંગાવનારે રેલ્વે પારસલથી મંગાવવા ઇષ્ટ છે. એ માટે રેલ્વે સ્ટેશનના નામ સહિત પુરૂં સરનામું અને પેકીંગ ખર્ચ આના ૭ મળી કુલ રૂા. ૨–૧૦–૦ મંત્રીના સરનામે મોકલવા.

**તત્વાર્થ સૂત્ર મળવાના ઠેકાણાઃ—**

શ્રી આત્માનંદ જૈન સભા, ભાવનગર.

શ્રી આત્માનંદ જૈન સભા, અંબાલા સીટી, પંજાબ.

શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય વરકાણા, પોસ્ટ બીજોવા, મારવાડ.

શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગરા.

**પત્રવ્યવહારનું સરનામુંઃ—**

**મોહનલાલ દીપચંદ ચોકસી**

ઓ. મંત્રી.


**શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ ટ્રસ્ટ બોર્ડ**

તાંબાકાંટો, વહોરાનો જુનો માળો,

ચોથે દાદરે, **મુંબઇ નં. ૩.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૪ : વીર સં. ૨૪૬૫ : આશ્વિન :
અંક : ૩ જો : આ. શ. સં. ૩ : વિક્રમ સં. ૧૯૯૫ : નવેમ્બર :

# પ્રભુ....સ્તુતિ

( રાગ—યા મોહમ્મદ સૈયાદના તમ કરદો )

હે દયાળુ! દેવદેવાધિ, દીનના દુઃખ હરનાર...(૨)

ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મ સુપાસને વંદન,
ભવોદધિ તારણહા.....................૨........ હે દયાળુ. ૧

ચંદ્ર સુવિધિ શીતળ શ્રેયાંસ, વાસુપૂજ્ય વિમળ અનંત,
જ્ઞાની ગુણભંડા.......................૨.........હે દયાળુ. ૨

ધર્મ શાંતિ કુંથુ અર મલ્લિ, મુનિસુવ્રત પ્રભુ ચરણે વંદી,
માગું તુજ પદસે.....................વ...........હે દયાળુ. ૩

નમી નેમિ પાર્શ્વ જિણંદા, મહાવીરસ્વામી સુખકા કંદા,
તારો ભવજલ પા....................૨............હે દયાળુ. ૪

ચોવીસ જિનવર ભક્તિ ધારું, નિશદિન "વીરસુત" શરણું ચાહું,
વંદું વાર હજા.........................૨..........હે દયાળુ. ૫

સંઘવી ડુંગરશી ગોવિંદજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિવાળી

જૈન સમાજમાં પર્વોની પ્રવૃત્તિ કાંઇ ને કાંઈ હેતુસર જ થયેલી છે, અને તે પર્વો લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે પ્રસિદ્ધિમાં આવેલાં છે. પર્વ, એ નામમાં તો કાંઇ ફરક નથી, પરંતુ પર્વને ઉજવવાના પરિણામ અને પ્રવૃત્તિની ભિન્નતાના અંગે જ પૂર્વોક્ત બે પ્રકારોમાં વ્હેંચાઇ ગયા છે. લૌકિક પર્વોના ઉજવણીમાં મુખ્યત્વે કરીને ઇતર દિવસો કરતાં વધુ મોહ પેદા કરનાર, ચિત્તાકર્ષક અને મનોરંજક પાંચે ઇંદ્રિયોને પ્રિય એવા પૌદ્ગલિક પદાર્થોનો ઉપભોગ કરવામાં આવે છે. કદાચ કોઇ સમજીને ધર્મબુદ્ધિથી એ પર્વ ઉજવે તો પણ તે નિર્જરાના ઉદ્દેશથી તો નહિં જ, પણ પૂન્ય બંધાશે અને તેથી આ લોક તેમ જ પરલોકમાં સુખી થઇશું, ધન-સંપત્તિ, પુત્ર-કલત્ર આદિ ઐશ્વર્યતા મળશે એવી ભાવનાથી ઉજવે છે. ત્યારે લોકોત્તર પર્વોની ઉજવણીમાં મુખ્યત્વે કરીને ઇંદ્રિયપોષક પૌદ્ગલિક પદાર્થોનો ત્યાગ કરવામાં આવે છે, વ્રત, જપ, તપ, નિયમ આદરવામાં આવે છે, નિર્જરાના ઉદ્દેશથી દરેક પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે.

આ લોકોત્તર પર્વ આત્માને લૌકિક-પૌદ્ગલિક અને તે પણ દુઃખને જ માની લીધેલા સુખોથી છોડાવીને લોકોત્તર-આત્મિક-સાચું સુખ પ્રાપ્ત કરવાના હેતુથી ઉજવવામાં આવે છે, અર્થાત્ કેવળ પુન્યબંધના ઉદ્દેશથી જ ઉજવાયલાં પર્વ તે લૌકિક પર્વ, અને પુન્ય તથા નિર્જરા અથવા તો કેવળ નિર્જરાના હેતુથી ઉજવાયલાં પર્વ તે લોકોત્તર પર્વ અથવા તો સાચા લોકોત્તર પુરુષોને આશ્રયીને પ્રવૃત્તિમાં આવેલાં પર્વ તે લોકોત્તર પર્વ અને લૌકિક પુરુષોને આશ્રયીને પ્રવૃત્તિમાં આવેલાં પર્વ તે લૌકિક પર્વ.

દિવાળી પર્વ લૌકિક માર્ગમાં પણ ઉજવાય છે અને લોકોત્તર માર્ગમાં પણ ઉજવાય છે. આ પર્વ ઉજવવામાં કેટલીક બાહ્ય પ્રવૃત્તિ એક સરખી જણાવા છતાં બંનેનો ઉદ્દેશ તો ભિન્ન જ છે. લૌકિક માર્ગમાં શ્રી રામચંદ્રજી રાવણ ઉપર વિજય મેળવી સીતાજીને પાછી લાવ્યા તેની ખુશાલીમાં જનપદવાસીઓએ દીપકો પ્રગટાવી ઉત્સાહ મનાવ્યો ત્યારે લોકોત્તર માર્ગમાં પ્રભુશ્રી મહાવીર નિર્વાણ પામવાથી ભવ્ય સંસાર ઘણો જ શોકગ્રસ્ત થયો, અને એ સમયે પોતાના કાર્ય માટે ભેગા થયેલા કાશી, કોશલ દેશના નવ મલ્લઇ અને નવ લિચ્છવી જાતિના અઢાર ગણ રાજાઓએ આહાર-પૌષધ કરી ઉદાસીભાવે ભાવ પ્રકાશ અસ્ત થવાના સૂચનરૂપ દીપકો પ્રગટાવી દ્રવ્ય ઉદ્યોત કર્યો ત્યારથી કારતક વદ અમાવાસ્યાનો દિવસ **દિવાળી પર્વ** તરિકે પ્રસિદ્ધિમાં આવ્યો.

આ પ્રમાણે લૌકિક તથા લોકોત્તર માર્ગમાં હર્ષથી તથા શોકથી દિવાળી પર્વ ઉજવવાની પ્રથા ચાલી આવે છે. આ પર્વ સર્વસાધારણ હોવાથી, તેમજ લૌકિક જનસમૂહ બહોળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણમાં હોવાથી લોકોત્તર પર્વ ઉજવવાવાળામાંથી કેટલાક અણજાણપણે અથવા તો વ્યવહારિક સંબંધથી જોડાયલા હોવાથી કેટલેક અંશે લૌકિક પર્વની ઉજવણી ઉજવતા દૃષ્ટિગોચર થાય છે, અર્થાત્ હર્ષની ભાવનાથી ઉજવે છે, ઈંદ્રિયોને આહ્લાદ આપનાર ખાનપાન વસ્ત્રાભૂષણો વાપરી આનંદ મનાવે છે; પરંતુ લોકોત્તર પુરુષોનું પર્વ લોકોત્તર પ્રવૃત્તિથી ઉજવવામાં આવે તો જ સાચી રીતે પર્વ ઉજવ્યું કહેવાય.

આ લોકોત્તર પુરુષોની પ્રવૃત્તિ તેમના ઉપાસકો સારી રીતે જાણે છે. એ પુરુષો અહિંસાના પૂરા પક્ષપાતી હતા, એમનો મુખ્ય સિદ્ધાંત જીવમાત્રને જીવાડી સાચું જીવન તથા સાચું સુખ પ્રાપ્ત કરવા-કરાવવાનો હતો, આત્મગુણના ઘાતક અને બાધક પૌદ્ગલિક ભોગોપભોગને સર્વથા છોડી દઈને મુક્તિ પ્રાપ્ત કરવા-કરાવવાનો હતો; માટે આ દિવાળી પર્વમાં એ લોકોત્તર પુરુષના સિદ્ધાંતાનુસાર યથાશક્તિ પ્રવૃત્તિ કરવાની અત્યંત આવશ્યકતા છે.

લોકોત્તર પર્વ ઉજવનારાઓએ પર્વ માત્રમાં આ વાત ઉપર લક્ષ્ય રાખવું જોઇએ કે પર્વ ઉજવવામાં પ્રથમ તો ઇંદ્રિયોના વિષયોનું ઘાતક. આરંભનું બાધક તપ કરવું જોઇયે, જીવોને નિર્ભયતા આપનાર પાપવાળી પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ મેળવી અભયદાન આપવું જોઈએ, આત્માને પોષનાર અને કર્મને શોષનાર પૌષધવ્રતમાં રહેવું જોઇયે, સર્વ સંગોથી નિવૃત્ત થઇને સર્વજ્ઞોના વચનોનું વાંચન અને યથાશક્તિ પાલન કરવું જોઇયે. પર્વના દિવસે સંસારમાં કોઇ પણ મારો શત્રુ નથી એવી ભાવના અખંડ રાખવા સમભાવી પુરુષોનાં જીવનવૃત્તાંત વાંચવા-વિચારવા જોઇયે, લોકોત્તર પુરુષની જે અવસ્થાને આશ્રયીને પર્વ ઉજવવું હોય તે ધ્યાન બહાર ન રહેવું જોઈએ. આ દિવાળી પર્વ નિર્વાણની અવસ્થાને આશ્રયીને ઉજવવાનું છે માટે નિર્વાણનું અનંતર કારણ ચારિત્રની મુખ્યપણે આરાધના કરવી જોઇયે. ચારિત્ર તથા ચારિત્રી ઉપર બહુમાન રાખી ચારિત્ર પદ આરાધવું જોઇયે.

—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન

લેખક : **શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય**
**પં. શ્રી ધર્મવિજયજીગણિ**

[ ગતાંક પૃષ્ઠ ૧૩ થી શરૂ ]

**મો**ક્ષના મૂલ કારણભૂત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે ઉપર જણાવ્યા મુજબ આયુષ્ય કર્મ સિવાય જ્ઞાનાવરણીયાદિ સાતે ય કર્મોની સ્થિતિ અંતઃકોડાકોડીસાગરોપમપ્રમાણ થાય તે સાથે બીજી સામગ્રીઓ પણ આ આત્માએ પ્રાપ્ત કરવાની છે. જેમ કર્મસ્થિતિની લઘુતા એ સમ્યગ્દર્શનગુણની પ્રાપ્તિનું કારણ છે તે જ પ્રમાણે સંજ્ઞિપણું, વિશુધ્ધ લેશ્યાનો યોગ, પ્રતિસમય અનન્તગુણવિશુધ્ધમાન પરિણામ, સાકારોપયોગ-અશુભ પરાવર્તમાન પ્રકૃતિઓનો બન્ધવિરામ, શુભ પરાવર્તમાન પ્રકૃતિઓનો બંધપ્રારંભ, અશુભ પ્રકૃતિનો દ્વિસ્થાનિક રસબંધ, શુભ પ્રકૃતિઓનો ચતુઃસ્થાનિક રસબંધ અને તથાભવ્યત્વદશાનો પરિપાક ઇત્યાદિ અનેક કારણ-સામગ્રીઓ આ આત્માને ઉપલબ્ધ થાય છે ત્યારે જ આત્મા સમ્યગ્દર્શન ગુણને પ્રાપ્ત કરવા માટે યોગ્ય બને છે.

અહિં એક બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે–સર્વ જીવોની જ્ઞાની ભગવંતની દૃષ્ટિએ જે અનંત સંખ્યા છે તે અનંત જીવો પૈકી અમુક જીવો '**અભવ્ય**' છે અને બાકીના બધા ય '**ભવ્ય**' છે. જે જીવોમાં મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા છે તે જીવોને 'ભવ્ય' કહેવાય છે. જેઓમાં મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા નથી તે જીવો 'અભવ્ય' છે. જીવોમાં વર્તતું ભવ્યત્વ તથા અભવ્યત્વ અમુક વખતે ઉત્પન્ન થાય અને અમુક વખતે વિનાશ પામે એ પ્રમાણે સમજવાનું નથી, પરંતુ જીવોમાં રહેલું જીવત્વ જેમ અનાદિ પારિણામિક ભાવે છે તે પ્રમાણે ભવ્યત્વ, અભવ્યત્વ એ અનાદિ પારિણામિક ભાવ* છે. અભવ્ય ત્રણ કાલમાં ભવ્ય થાય નહિ, ભવ્ય કોઇ પણ કાલે અભવ્ય થાય નહિં. કરડુ મગને જલ–ઇન્ધનાદિ સામગ્રી મળવા છતાં જેમ તેનામાં કોમળતા આવતી નથી, મગશૈલ પાષાણને પુષ્કરાવર્ત મેઘનો યોગ થવા છતાં તેનામાં અંકુરા ઉત્પન્ન થવાની યોગ્યતા પ્રાપ્ત થતી નથી તે જ પ્રમાણે અભવ્ય આત્માઓને તીર્થંકર ભગવંત સરખી સામગ્રી ઉપલબ્ધ થાય તો પણ તેનામાં સમ્યગ્દર્શનાદિ આત્મિક ગુણો પ્રાપ્ત કરવાની યોગ્યતા આવી શકતી નથી. ભૂતકાલની અપેક્ષાએ જે અનંત જીવો મોક્ષે ગયા છે, વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં જે મોક્ષ માર્ગ ચાલુ છે અને ભવિષ્યમાં જે અનન્ત જીવો મોક્ષે જશે તે દરેક ભવ્ય જ જવાના છે, પરંતુ અભવ્યની મુક્તિ થવાની નથી. અહિં એ પણ ધ્યાનમાં રાખવું કે–"જેટલા ભવ્ય તે દરેક મુકિતગામી' આવો નિયમ ન કરવો, પરંતુ '**જે મોક્ષે જાય તે ભવ્ય જાય**' એવા પ્રકારનો નિયમ સમજવો; કારણ કે અવ્યવહારરાશિમાં એવા પણ અનંત ભવ્ય જીવો છે કે જે ભવ્ય હોવા છતાં આજ સુધી અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવ્યા નથી અને ભાવિ અનંત કાળ વ્યતીત થશે તો પણ અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવવાના નથી. ફક્ત નામથી જ ભવ્ય છે અને તે કારણથી જ તેવા ભવ્ય જીવોના સમુદાયને શાસ્ત્રકાર મહારાજાઓએ '**જાતિભવ્ય**' તરીકે ઓળખાવ્યા છે.

* જીવત્વ–પારિણામિક ભાવ અનાદિ અનન્ત છે, અભવ્યત્વ પણ અનાદિ અનન્ત છે. ભવ્યત્વમાં જાતિભવ્યત્વ અનાદિ અનંત છે પરંતુ ભવ્યત્વ અનાદિ સાન્ત ભાંગે છે; કારણ કે જ્યારે આત્મા મોક્ષ પ્રાપ્ત કરે છે ત્યારે ભવ્યપણાનો અંત થાય છે. એ હેતુથી જ સિદ્ધાત્માઓને નોભવ્ય-નોઅભવ્ય કહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન:**—ઉપર જણાવેલા જાતિભવ્યોમાં ભવ્યત્વ છતાં જો મોક્ષપ્રાપ્તિ ન હોય તો ભવ્યપણાની સફલતા શું કહેવાય ?

**ઉત્તર:**—ભવ્ય અભવ્યની વ્યાખ્યામાં પ્રથમ જ કહેવાયું છે કે જેનામાં મોક્ષગમન કરવાની યોગ્યતા છે તેનું નામ ભવ્ય, અને જે જીવોમાં તે યોગ્યતા નથી તેનું નામ અભવ્ય. જાતિભવ્યોમાં મોક્ષગમનની યોગ્યતાનો નિષેધ કરવામાં આવતો નથી, પરંતુ મોક્ષ પ્રાપ્ત કરવા માટે જે સામગ્રી જોઇએ, સમ્યગ્ દર્શન–જ્ઞાન-ચારિત્રની આરાધનાનો જે યોગ થવો જોઇએ તે યોગ તે જાતિભવ્યોને કાળાંતરે પણ પ્રાપ્ત થતો નથી. માટીમાં કુંભની યોગ્યતા હોવા છતાં કુંભકાર-ચક્ર-દંડાદિ સામગ્રીનો સહયોગ મળે તો જ માટીમાંથી ઘડો બની શકે છે, તે પ્રમાણે ભવ્યાત્માઓમાં મોક્ષગમનની યોગ્યતા હોવા છતાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની આરાધનારૂપ સામગ્રીનો સદ્ભાવ હોય તો જ ભવ્યજીવો મોક્ષે જઇ શકે છે. લવણસમુદ્રના તળીએ રહેલી જબ્બર શિલાઓમાં મૂર્તિ થવાની યોગ્યતા હોઇ શકે છે, પરંતુ એ શિલા જ્યાં સુધી બહાર ન આવે, કારીગરો તેના ઉપર કામ ન કરે ત્યાં સુધી યોગ્યતા હોવા છતાં તે શિલામાંથી મૂર્તિ થઇ શકતી નથી, ગાઢ જંગલોમાં રહેલા સાગના વિશાલ ઝાડોના થડમાં પાટડો થવાની લાયકી તો હોઇ શકે પણ સુતાર, કરવત વિગેરે સામગ્રીનો જ્યાં સુધી યોગ ન થાય ત્યાં સુધી તેમાંથી પાટડો ન થઇ શકે, એ પ્રમાણે ભવ્ય જીવો માટે સામગ્રીના સદ્ભાવમાં મોક્ષપ્રાપ્તિનો યોગ સમજવો, પણ ભવ્ય એટલે અવશ્ય મોક્ષે જાય જ તેવો એકાંત નિયમ ન સમજવો, કિન્તુ જે મોક્ષે જાય તે ભવ્ય જ હોય તેવો નિયમ બરાબર છે.

અભવ્યને તીર્થંકર ભગવંતનો, કેવલી મહારાજાનો યોગ મળે તો પણ તેનામાં કોઇ દિવસ રત્નત્રયી યોગ્ય પરિણામ થઇ શકતા જ નથી. એરંડના થડને સુતાર, કરવત વિગેરે સર્વ સાધન-સામગ્રી મળે તો પણ તમાંથી કોઈ દિવસ મોભ અથવા પાટડો ન બની શકે, એમ અભવ્ય જીવોમાં તથાપ્રકારનો અનાદિ પારિણામિક અભવ્યપણાનો ભાવ છે કે તેનામાં તેવા સમ્યગ્-દર્શનાદિ યોગ્ય અધ્યવસાયો આવી શકતા જ નથી.

**પ્રશ્ન:**—ભવ્ય, જાતિભવ્ય અને અભવ્ય આ ત્રણેય પ્રકારના જીવોની ઓળખાણ માટેનું લક્ષણ શું ?

**ઉત્તર:**—ભવ્યત્વાદિ ભાવો આત્માની સાથે અનાદિ સંબંધવાળા છે, જે બાબત એક વખત કહેવાયેલ છે, એટલે કેવલી પ્રમુખ વિશિષ્ટ જ્ઞાની સિવાય આ ભવ્ય છે કે અભવ્ય ? ઇત્યાકારક ચોક્કસ નિર્ણય ન થઇ શકે તથાપિ અમુક આત્મામાં સમ્યગ્દર્શન છે કે કેમ ? તે જાણવા માટે જ્ઞાની મહર્ષિઓએ શમસંવેગાદિ સમ્યગ્-દર્શનના લક્ષણોનું જેમ નિરૂપણ કર્યું છે તે જ પ્રમાણે ભવ્ય અભવ્ય જીવોની પીછાણ માટે શાસ્ત્રકારોએ જુદા જુદા લક્ષણો બતાવેલ છે. તેમાં જે આત્માને 'હું ભવ્ય હોઇશ કે અભવ્ય ?' એટલો પણ વિચાર આવતો હોય, તરણતારણ તીર્થાધિરાજ અનન્ત સિદ્ધસ્થાન શ્રી શત્રુંજય ગિરિરાજની ભાવપૂર્વક સ્પર્શનાનો યોગ મળ્યો હોય તો તે આત્માઓ અવશ્ય 'ભવ્ય' હોય છે. અભવ્યોને 'હું ભવ્ય છું કે અભવ્ય' એવો વિચાર કોઈ કાળે આવતો નથી, તેમજ તીર્થાધિરાજનું ભાવથી સ્પર્શન કરવાનો ઉત્તમ યોગ તેને સાંપડતો પણ નથી. જાતિભવ્ય માટે તો પ્રથમ જ કહેવાયું છે કે જે આત્મા ભવ્ય હોવા છતાં અનાદિ કાળથી અવ્યવહારરાશિમાં જ જન્મ–મરણની પરંપરા કરનારો છે અને અનન્ત કાળ સુધી ત્યાં જ જે રહેવાનો છે, અવ્યવહાર-રાશિમાંથી જે કોઇ પણ કાળે અનન્ત પુદ્ગલ–પરાવર્તન વ્યતીત થવા છતાં પણ વ્યવહારરાશિમાં આવવાનો નથી તેવા આત્માઓ જાતિભવ્ય તરીકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓળખાય છે. ભવ્યપણાની સાથે જે જીવો વ્યવહારરાશિમાં આવેલા હોય તેઓ કાળાંતરે પણ અવશ્ય મોક્ષે જનારા છે. જ્યારે એક જીવ વ્યવહારરાશિમાંથી મોક્ષે જાય છે ત્યારે અવ્યવહારરાશિમાંથી એક જીવ વ્યવહારરાશિમાં આવે છે. વ્યવહારરાશિના જીવોની સંખ્યા સદાકાળ એક સરખી રહે છે. અવ્યવહારરાશિમાંથી ઉપર જણાવ્યા પ્રમાણે વ્યવહારરાશિમાં જીવો આવતા જાય છે તો પણ અનન્તાનન્ત જીવોથી ભરેલા એ અવ્યવહારરાશિના જીવોની જે અનન્ત સંજ્ઞાવાળી સંખ્યા છે તેમાં ફારફેર થતો નથી. સર્વથી અભવ્ય જીવોની સંખ્યા ( ચોથા અનન્તે ) અલ્પ છે, તેના કરતાં સિદ્ધ ભગવંતો અનન્તગુણા ( પાંચમે અનન્તે ) છે અને તે અપેક્ષાએ ભવ્ય જીવો અનન્તગુણા (આઠમે અનન્તે) છે.

**પ્રશ્ન**:—અવ્યવહારરાશિ અને વ્યવહારરાશિ એટલે શું ?

**ઉત્તર**:—એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિ અને પંચેન્દ્રિય એ પાંચ પ્રકારના સંસારી જીવોમાં બેઇન્દ્રિયાદિ સર્વ જીવો બાદર છે અર્થાત્ ચર્મચક્ષુથી જોઇ શકાય તેવા છે, જ્યારે એકેન્દ્રિય જીવોના પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચે વિભાગોમાં સૂક્ષ્મ અને બાદર એવા બે વિભાગો છે. જે જીવોનાં શરીર એક–બે–સો–હજાર–સંખ્ય કે અસંખ્ય ભેગા થવા છતાં ચર્મચક્ષુને દૃષ્ટિગોચર ન થઇ શકે તે જીવો **સૂક્ષ્મ** છે અને જે જીવોનાં શરીરો એક, બે, સો, હજાર, યાવત્ સંખ્ય કે અસંખ્ય ભેગા થવા છતાં પણ ચર્મચક્ષુથી દૃષ્ટિગોચર થઇ શકે તેવાં હોય તો તે જીવો **'બાદર'** કહેવાય છે. તેમાં પણ જે (એકેન્દ્રિય) વનસ્પતિ છે તેના પ્રત્યેક અને સાધારણ એવા બે ભેદો છે. જે જીવો પોતાના સ્વતંત્ર શરીરવાળાં હોય અર્થાત્ એક જીવ અને એક શરીર એવી વ્યવસ્થાવાળાં હોય તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય, અને જે એક શરીરમાં અનન્ત જીવો રહેતા હોય તે સાધારણ વનસ્પતિકાય કહેવાય. કેરી, કારેલું, ઝમરૂખ, દાડમ વિગેરે પ્રત્યેક વનસ્પતિ છે, જ્યારે બટાકા, સકરીઆ, સૂરણ, આદુ, લીલી હળદર, મૂલાના કંદ વિગેરે અનન્તકાય સાધારણ વનસ્પતિ છે. ઉપર જણાવેલા વનસ્પતિના સાધારણ અને પ્રત્યેક એ બે વિભાગોમાં પ્રત્યેક વનસ્પતિ બાદર જ હોય છે, જ્યારે સાધારણ વનસ્પતિના સૂક્ષ્મ અને બાદર એવા બન્ને વિભાગો છે. સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ કહો અથવા સૂક્ષ્મનિગોદ કહો તે બન્ને સરખું છે, કારણ કે સાધારણ વનસ્પતિમાં નિગોદનો વ્યવહાર શાસ્ત્રકારોએ કરેલો સ્થળે સ્થળે જોવાય છે. ઉપર જણાવેલ જે સૂક્ષ્મનિગોદ તે સૂક્ષ્મનિગોદમાં જ જે આત્માઓ અનાદિ કાળથી જન્મ-મરણ કરતા આવ્યા છે, એક પણ વખત જે આત્માઓએ 'બાદર' એવો વ્યવહાર અથવા પૃથ્વીકાય ઇત્યાકારક વ્યવહાર પ્રાપ્ત કર્યો નથી, તે જીવો **અવ્યવહારરાશિ**વાળા ગણાય છે. કોઇ આચાર્યમહારાજાઓનો આ મત છે જ્યારે કોઇ આચાર્યમહર્ષિઓ એમ પણ ફરમાવે છે કે અવ્યવહારરાશિમાં એકલી સૂક્ષ્મનિગોદ ન ગણવી પરંતુ પૃથ્વીકાયાદિ પાંચે સૂક્ષ્મની ગણતરી કરવી, અર્થાત્ સૂક્ષ્મપૃથ્વીકાય, સૂક્ષ્મઅપ્કાય, સૂક્ષ્મતેઉકાય, સૂક્ષ્મવાયુકાય અને સૂક્ષ્મવનસ્પતિકાય (સૂક્ષ્મનિગોદ) એ પાંચે પ્રકારની સૂક્ષ્મનિકાયમાં જ જે અનંત આત્માઓએ અનંત પુદ્ગલપરાવર્તન વ્યતીત કર્યાં છે, હજુ સુધી એક પણ વખત બાદરનો વ્યવહાર જેઓમાં પ્રાપ્ત થયો નથી એટલે કે અનન્ત પુદ્ગલપરાવર્તન સુધી સૂક્ષ્મમાં અને સૂક્ષ્મમાં જ જેઓએ જન્મમરણની અનન્ત પરંપરાનો અનુભવ કર્યો છે તે જીવોને **અવ્યવહારરાશિવાળા** કહેવાય છે.

એ (બન્ને મત પ્રમાણે ) અવ્યવહારરાશિમાંથી એક વખત પણ જે આત્મા બાદરપણામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(અથવા પ્રથમ મત પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુમાં) ઉત્પન્ન થયેલ છે તે **વ્યવહારરાશિ**વાળો ગણાય છે. એક વખત બાદરનો થયા બાદ પણ સૂક્ષ્મનિગોદમાં પુનઃ તે આત્માની ઉત્પત્તિ થાય તો પણ તે વ્યવહારરાશિવાળો જ ગણાય છે અને પુનઃ સૂક્ષ્મ નિગોદમાં ગયેલો તે આત્મા છેવટ અસંખ્ય પુદ્‌ગલપરાવર્ત થયા બાદ ફરીથી અવશ્ય બાદરમાં આવે છે, પરંતુ અવ્યવહારરાશિવાળાની માફક અનન્ત પુદ્‌ગલપરાવર્તન સુધી સૂક્ષ્મમાં રહેતો નથી. **કાયસ્થિતિ** પ્રકરણમાં આ બાબત સ્પષ્ટ કરેલ છે.

આ બધીય વાત તો પ્રાસંગિક થઇ, હવે આપણે મૂલ વાત ઉપર આવીએ. સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાની યોગ્યતા ભવ્યમાં જ હોય છે. ભવ્યાત્મા જ્યારે છેલ્લા પુદ્‌ગલપરાવર્તનમાં પ્રવેશ કરે, તથા ભવ્યત્વદશાનો પરિપાક થાય અને ક્રમશઃ અપાર્ધ પુદ્‌ગલપરાવર્ત્ત જેટલો જ વધુમાં વધુ સંસાર અવશેષ રહે ત્યારે જ તે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. અભવ્ય તથા જાતિભવ્યમાં આ સ્થિતિ પ્રાપ્ત થતી નથી. જાતિભવ્યને તો અવ્યવહારરાશિમાંથી બહાર આવવાનો અવકાશ જ નથી, જ્યારે અભવ્ય જીવ સંસારચક્રમાં રખડપટ્ટી ફરતાં વિવિધ દુઃખોનો અનુભવ કરવાપૂર્વક અકામ નિર્જરાના યોગે સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા માટે સિધ્ધાન્તકારોએ યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ નામના ત્રણ કરણો જે બતાવેલા છે તેમાં પ્રથમ યથાપ્રવૃત્ત કરણની હદ સુધી પણ અભવ્ય જીવ કોઇ વાર આવી પહોંચે છે.

( ચાલુ )

## જે વિચારો પ્રધાનપણે ભોગવાતા હોય તે જ વિચારો મરતી વખતે ઊભા રહે છે.

**ઘણાક** લોકોને જ્યારે ઇશ્વરભક્તિ કરવાનું કહેવામાં આવે છે ત્યારે તેઓ એમ કહે છે કે ઘરડા થઇશું ત્યારે અમારે પ્રભુની ભક્તિ કરવાની છે. અમારી વૃધ્ધાવસ્થા પ્રભુની ભક્તિમાં ગાળીશું. આમાં આશ્ચર્ય તો એ જ થાય છે કે જ્યાં એક પળભરનો પણ જિંદગીનો ભરોસો નથી ત્યાં આત્મિક કલ્યાણ કરવાનું વૃધ્ધાવસ્થા પર છોડી દેવામાં આવે છે. તેમ છતાં પણ ધારો કે વૃધ્ધાવસ્થા પ્રાપ્ત થઇ તો તે વખતે ઇશ્વરભક્તિ કરવી, એ તો આખી જિંદગી સુધી કોવેલા દેહાધ્યાસનું, અહંકારનું અને સર્વ પાપમય વૃત્તિઓનું એઠું ભોજન ઇશ્વરને અર્પણ કરવા જેવું છે. આખી જિંદગી તો સ્વાર્થી ઇચ્છાઓ અને લાલચોને પોષવામાં ગાળવી અને પ્રભુભક્તિ માટે વૃદ્ધાવસ્થા નક્કી કરી રાખવી એ પ્રભુની મશ્કરી નહિ તો બીજું શું? આવી ભક્તિ કરી પ્રભુને છેતરવા જતાં પોતે જ છેતરાય છે, કારણ કે જે મનુષ્યોએ આખી જિંદગી સુધી જે અશુભ કામનાઓ અને સંકલ્પો કર્યાં હોય અને જે જે વિચારો એના જીવનમાં પ્રધાનતા ભોગવતા હોય તે જ વિચારો-મરતી વખતે આવીને ઊભા રહે છે અને તે ધોરણે તેને જન્મ લેવો પડે છે એ એક કુદરતી નિયમ છે.

—**સ્વામી રામતીર્થ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુનિ-ગુણ-મહિમા

લે૦ **મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**

**મુનિઓ** એ પંચ પરમેષ્ઠીનું પાંચમું અંગ છે. અત્યારે અરિહંત તથા કેવળી ભગવંતોનો અભાવ હોવાથી તે બહુ ઉપયોગી થઈ પડે છે. તેઓ નિઃસ્પૃહી રહી કોઇ પણ જાતની સંસારી ભોગાકાંક્ષા રાખ્યા સિવાય ગૃહસ્થીના આપેલા આહાર ઉપર જ પોતાની કુક્ષી ભરી ને યથાયોગ્ય તપશ્ચર્યા કરી, પોતાની ઇંદ્રિયોને કબજે રાખી, ભવ્ય જીવોને જૈનાગમની વાણી સંભળાવી, શ્રાવક, શ્રાવિકા તથા અન્ય બંધુઓને ધર્મનું સ્વરૂપ સમજાવી તેઓને ખરા માર્ગે દોરે છે. તેમના ઉત્તમ ગુણો સુગંધી પુષ્પની માફક બીજા જીવોને આકર્ષક થઇ પડે છે. તેવા પવિત્ર મુનિઓએ જયારથી દીક્ષા ગ્રહણ કરી છે ત્યારથી છકાયને અભયદાન આપ્યું છે, ચાર કષાયને જલાંજલિ આપી છે, પાંચ ઇંદ્રિયોને કબજે રાખી છે, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિને સાથે જોડી છે જેને પ્રવચનની માતા સમાન માની દશ પ્રકારનો યતિધર્મ સ્વીકારી, ક્ષમા, સરળતા, કોમળતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, અકિંચન, બ્રહ્મચર્ય, મનની પવિત્રતા સ્વીકારેલી છે. પાંચ મહાવ્રત અને છઠું રાત્રિભોજન વિરમણવ્રત સ્વીકારી તેને પાળવા સિંહ સમાન ઉદ્યમવંત થયા છે, એવા પવિત્ર મુનિઓ પોતાની માતાને રત્નગર્ભા તરીકે ગણાવી, પોતાના સાત કુલોની કીર્તિને દીપાવનાર તરીકે ગણાયેલા છે. પિતા કરતાં પણ ધર્મપિતાને અધિક ગણી, સદ્ગુરુની ચરણસેવા રાત્રિદિવસ કરવા પોતાનું ચિત્ત લગાડ્યું છે તેવા મહાન્ મુનિઓના દર્શનની, તેમના ચારિત્રની, તેમના વિહારસ્થળની ખબર જાણવા કયો ભવ્ય જીવ ઉત્સાહવંત નહીં થાય?

**કાવ્ય**

નમું જિનને ચિત્તમાં શાંતિ થાવા,
ગતિ ચાર છોડી શિવસ્થાન જાવા;
થવા નષ્ટ અવિરતિ મોહ જે છે,
સહુ સગુણી "**લક્ષ્મીસાગર**" કે છે. ૧

નથી મુજમાં કાંઇ તો જ્ઞાનવૃદ્ધિ,
નથી મુજમાં ગુણની કાંઇ ઋદ્ધિ;
મહાન્ પુરુષોના કદી ગુણ ગાતા,
થશે સુખ મને ગુણી આપ થાતા. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંથ.......દર્શન

લેખક—ચોકસી

અખંડિત પૂજાના અનુસંધાનમાં યોગિરાજ આનંદઘનજી મહારાજ શ્રી રૂષભદેવના સ્થાનમાં બીજા તીર્થંકર શ્રી અજિતનાથને ઉદ્દેશી વિચારમાળામાં આગળ વધે છે. એ વેળા પોતે જેને સાધ્ય માન્યું છે અને જેના સારુ યોગ્ય આલંબન ગ્રહણ કરીને સાધના આરંભી છે એ આલંબન સમાન પોતે કેવી રીતે થઇ શકે? પોતાનામાં એવી કઇ ન્યૂનતાઓ મોજુદ છે અને એનો અભાવ બીજા તીર્થપતિમાં કેટલી હદે અને કેવા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે, એ સર્વ પ્રકારની આંતરિક મનોભૂમિમાં તારવણી કરતાં જે મહદ્ અંતર પ્રથમ નજરે દેખા દે છે તે નિમ્ન શબ્દોમાં આલેખે છે.

જે તેં જિત્યા રે, તેને હું જીતીયો રે
પુરુષ કિશ્યું મુજ નામ?

અર્થાત્ સંસાર પરિભ્રમણના મુખ્ય કારણરૂપ–જેમ ફળ-ફૂલ-પાનથી લચી પડેલાં વિશાળ વૃક્ષને સર્વ પ્રકારનું પોષણ ભૂગર્ભમાં વિસ્તરેલા મૂળીયાદ્વારા પ્રાપ્ત થાય છે તેમ–કષાયજ છે, એની આંટીઘુંટીમાં અટવાનાર આત્મા–એનાથી પરાજય પામનાર જીવ–ચોરાશી લક્ષ યોનિરૂપ આ વિશાળ ભવસાગરમાં એવી રીતે ઉછાળે ચઢે છે કે પછી એ હિલોળાની વિવિધરંગી અથડામણમાં સ્થિરતાનું બિંદુ એકદમ પ્રાપ્ત કરી શકતો જ નથી. એ બધાના કારણમાં પેલા કષાયો જ ભાગ ભજવતાં હોય છે.

અજિતનાથ એ કષાયોની જાળ છેદીને બહાર નિકળી ગયા એટલે નર મટી નાથ થાય અને એની જાળમાં આ આત્મા ફસાયો એટલે પુરુષ હોવા છતાં પુરુષાતન ક્ષય થવાથી પશુ બન્યો. તેથી જ પ્રશ્ન ઉદ્ભવ્યો કે–હું તો પુરુષ કયા પ્રકારે કહેવાઉં? પુરુષાર્થ દેખાડ્યા વગર એ દશા કેવી રીતે સંભવે? અને કારણ તરફ દૃષ્ટિ પડતાં અંતરનાદ ઊઠે છે. પોતે વસ્તુસ્વરૂપ પારખવામાં કરેલી ભૂલ જણાય છે. એથી ઉચ્ચરાય છે કે—

ચરમ નયણ કરી મારગ જોવતાં રે,
ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇયે રે,
નયણ છે દિવ્ય વિચાર.

ચામડાના ચક્ષુ યાને બાહ્ય દૃષ્ટિદ્વારા સૌ કોઇનો તોલ કરવામાં સંસારની ભૂલભૂલામણી સખત થાપ ખવડાવી, આંતરિક દૃષ્ટિ યાને જેનો ઉલ્લેખ 'દિવ્યચક્ષુ' તરિકે કરાયો છે એ વગર ચૌદ રાજલોકમાં સમાયેલી પદાર્થસૃષ્ટિનો સાચો ખ્યાલ ન આવી શકયો. વસ્તુને વસ્તુસ્વરૂપે ન જોઇ શકયો. કેવલ બાહ્ય દેખાવોથી ઉપરછલ્લા આડંબરોથી–થોડા પુસ્તકીયા જ્ઞાનના ઘમંડથી–તણાયો એટલું જ નહિં પણ એના ઝોળે ચઢી કંઇ કંઇ વાતો ઢંગધડા વિનાની લવી નાંખી! કષાયજનિત નિશામાં એ પાછળ કેટલી સચ્ચાઇ છે, અથવા તો એમાં રહસ્યની રેખાનો અંશ સરખો છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમ ? એ વિચારવા પણુ થોભ્યો નહીં. માની લીધેલી આવડતના જોરે–સર્વ કંઇ વિદ્વત્તા મેળવી લીધી છે એવી અહંતાના ટેકે–જાત-જાતની મથામણુ કરી વાળી. એ બધાનો જરા ઠંડકથી વિચાર કરતાં–એની સામે અજિત પ્રભુએ લીધેલા માર્ગની સરખામણી કરતાં શું જણાય છે તે નીચેની લીંટીઓ સ્વતઃ જણાવે છે.

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે,
અંધોઅંધ પુલાય;
વસ્તુ વિચારે જો આગમે કરી રે,
ચરણ ધરણ નહીં થાય.
તર્કવિચારે રે વાદપરંપરા રે,
પાર ન પહોંચે કોય,
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે,
તે વિરલા જગ જોય;

જ્ઞાની પુરુષના અભાવે છદ્મસ્થોની સ્થિતિ કેવા પ્રકારની થાય છે? ધર્મના નામે કેવા ઢકોસલા મલાવાય છે? અને વાદવિવાદની કેવી હોડ અદરાય છે? એનો યોગિરાજે ઠીક નિચોડ ટૂંકા શબ્દોમાં કહાડ્યો છે. વસ્તુ-સ્વરૂપનું યથાર્થ બ્યાન કરનાર તો કોઇ વિરલ જડી આવે છે એમ દર્શાવી સાચે જ માત્ર તેમના સમયમાં ચાલતી પરિસ્થિતિના આબે-હૂબ દર્શન કરાવ્યા છે એટલું જ નહિં પણ તે દ્વારા જે આગાહી કરી છે એ ઉપરથી કહી શકાય કે વર્તમાનકાળમાં વિચરતાં આપણા માટે અને ભવિષ્યકાળમાં થનાર નવી પ્રજાને માટે એક લાલબત્તી ધરી છે. ધર્મશાસ્ત્રો એ આત્મઉન્નતિને અર્થે છે. એમાં દર્શાવાયેલા રહસ્યો તો એ દૃષ્ટિયે ઊકેલ કરનાર ગણુત્રીના મહાત્માઓ જડી આવે છે. એ મુદ્દો જરા પણુ લક્ષ્ય બહાર ન જવા દેતાં સમભાવથી, ધીરજથી અને પવિત્ર વસ્તુનું વારંવાર પારાયણુ કરવાને બદલે જેઓ આજે એને લડતના હથિયાર તરિકે વાપરે છે કિંવા એના નામે બેલગામ વાગ્યુદ્ધ છાપાઓની કટારોદ્વારા ચલાવ્યા રાખે છે એ કેટલું અનુ-ચિત છે અને પહેલી તકે એના પરથી હાથ ધોઇ નાંખવા જેવું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

ઉપરાંત વધુ ચીમકી તો એવા વર્ગને આપે છે કે જે પદ્ધતિસરની ચર્ચા ભૂલી કેવલ મન-ગમતા વિતંડાવાદમાં અહર્નિશ મશગૂલ રહે છે અને સ્વચ્છંદતાથી શાસ્ત્રોના નામે ફેંકો-લોજી યાને બકવાદ કર્યા કરે છે. ન્યાયપુર-સ્સરની ચર્ચા, પ્રમાણુની રજુઆતદ્વારા વિમર્શ-પરામર્શ કે સપ્તભંગીના નિયમે પ્રત્યેક વાતના સમન્વયને એ બિલકુલ નકારતા નથી. દરેક વાતને કસી જોઈ કે પ્રત્યેક તત્ત્વને ચકાસી જોઇ એનું યથાર્થ તોલન કરવાના શિષ્ટ પુરુષ-નિર્મિત બંધારણથી એ જરા પણુ વિચલિત થવાનું કહેતા નથી. તેમનો મુખ્ય અને અતિ મહત્ત્વનો વાંધો તો એ વર્ગની સામે છે કે જે વર્ગ દલીલોનું દીવાળું કાઢી, ન્યાય–પ્રમાણુ-પૂર્વકની વિચારણાને ખંભાતી તાળું દઇ, કેવલ ગદ્ધા પુચ્છ પકડી પોતાના મંતવ્યને યેન કેન પ્રકારેણુ સિદ્ધ કરવાનો જ વ્યવસાય સ્વી-કારી બેઠો છે. અંધશ્રદ્ધાના પડલ ભેદી જેને સમતાથી લાંબી નજર કરવાની કે ધીર-જથી વિચારવાની કંઇ પડી જ નથી એને માટે નિમ્ન લીંટીઓ ખરેખર ખરાબે ચઢતા નાવને જેમ દીવાદાંડી ભોમિયાની ગરજ સારે છે તેમ ઊંધા માર્ગે અટવાઇ રહેલાને સન્માર્ગદર્શક ભોમિયાની ગરજ સારે છે.

કારણુ યોગે હો કારજ નિપજે,
એમાં કોઇ ન વાદ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પણ કારણ વિણ કારજ સાધિયે,**
**એ નિજ મત ઉન્માદ.**

'થોડું લખ્યું ઘણું કરીને વાંચજો' એ જેમ પત્રના સારભૂત છે તેમ ઉપરની કડી જુદા જુદા મતમતાંતરો વચ્ચે પ્રવર્તી રહેલ સમરાંગણનું નિવારણ કરવાની એક સામાન્ય મર્યાદા છે. એ મર્યાદા સ્વીકારી જો વિચારક યા જિજ્ઞાસુ છિન્નભિન્ન પંથનું માપ કહાડશે, તો આપોઆપ કોની પસંદગી કરવી એ તેને જડી આવશે. અલબત, એમ કરવા સારુ ઉતાવળ કામ નહીં લાગે, તેથી જ સમાધિનો સૂર કહાડતાં, યોગિરાજ ઉચ્ચારે છે કે અજિત પંથની પ્રાપ્તિ સારુ મેં બીજા અજિત જિનનો પલ્લો પકડ્યો છે અર્થાત્ એમણે દર્શાવેલો માર્ગ સ્વીકાર્યો છે અને એનો બરાબર અભ્યાસ કરવા અર્થે 'કાળની મર્યાદા' અર્થાત્ એ માટે જોઈતા સમય સુધી ધૈર્ય ધરવાનું નક્કી કર્યું છે. એ આશાના દોર પર મુસ્તાક રહી અભ્યાસ, વિચારણા ને મંથન ચાલુ રાખવું એ નિર્ધાર છે.

આમ 'અખંડિત પૂજા' અને 'પંથદર્શન'-રૂપ પગલા પછી ત્રીજું પગલું કયું આવે એ ત્રીજા જિનના સ્તવનમાંથી શોધવાનું છે. એ તરફ ડગ ભરીએ તે દરમિઆન નીચલું વાક્ય અસ્ખલિતપણે રટ્યા જવાનું છે.

**'કાળ લબ્ધિ લહી પંથ નિહાળશું'**

## ઇચ્છાઓને પરિપૂર્ણ કરવી હોય તો ઇચ્છાઓને છોડી દો; ઇચ્છાઓનો ભોગ આપો.

**બાણ** કેમ મારવામાં આવે છે? જ્યાં સુધી ધનુષ્યની દોરી ખેંચી રાખીએ છીએ ત્યાંસુધી તીર આપણા હાથમાં જ રહે છે. જ્યારે તેને છોડી દઇએ છીએ ત્યારે સુસવાટ કરતું જાય છે અને શત્રુનું હૃદય ભેદે. તમારામાં દરેક જાતની વાસનાઓ હોય છે અને તે સર્વ તૃપ્ત થાય એવી તમારી ઇચ્છા હોય છે, પણ સર્વ વાસનાઓ તૃપ્ત થવાનું મુખ્ય કારણ પ્રથમ સમજી લો. જ્યારે તમે વાસનાને છોડી દેશો, ત્યારે જ તે ફલિભૂત થશે. વાસનાને જ્યાંસુધી ખેંચી રાખશો, વાસના માટે ઝંખના કર્યે જશો, ઝુર્યા કરશો ત્યાં સુધી બીજાના હૃદયમાં પ્રવેશ કરશે નહિં. સુખને શોધવા જતાં સુખનો જ વિનાશ થઇ જશે. પપૈયાની પાણીની શોધ જ–ઝંખના જ તેને પાણીથી વંચિત રાખે છે. આ વર્ષાઋતુના પક્ષી જેવી સ્થિતિ ન થવા દેશો. તમારી ઇચ્છાઓ છોડી દો અને તેને ઓળંગી જાઓ એટલે તમને બમણી શાંતિ, તાત્કાલિક વિશ્રાંતિ અને સર્વ કામનાઓની પૂર્તિ થશે. ઇચ્છાઓનો ત્યાગ કરી નિઃસ્પૃહ બનશો ત્યારે તમારી સકળ કામનાઓ સિદ્ધ થશે, અને ત્યારે જ તમારા તૃષ્ણાના પાત્ર તમારી સેવા–પૂજા કરશે. 'વાસનાઓનો ત્યાગ કરો' એ કહેવા માત્રથી બનવાનું નથી. કહેવું સહેલું છે પણ કરવું વિકટ છે, છતાં આચરણમાં મૂકયા વિના સિધ્ધિ નથી.

**—સ્વામી રામતીર્થ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભયંકર નૃપનું અદ્ભુત ચરિત્ર

[ ગતાંક પૃષ્ઠ ૪૬ થી ચાલુ ]

સં. ગાંધી.

**રાત્રિ** સમયે રસ્તો ઓળંગતા તે પરાક્રમી રાજાએ વનના કોતરમાંથી આવતો કોઇક કરુણ સ્વર સાંભળ્યો. તે અવાજને અનુસારે દયાળુ ચિત્તવાળા તે રાજાએ જલ્દી ગિરિગુફામાં પ્રવેશ કર્યો. તે વિશાળ ગુફાના મધ્યભાગમાં નિરીક્ષણ કરતાં તેણે કુંડના અગ્નિથી જાજવલ્યમાન એક મંડળ જોયું. તે સમયે, પોતાના બંને ગોઠણ વચ્ચે વીખરાયેલા વાળવાળા મુખકમળને સ્થાપન કરેલી, અતિશય ભય તેમજ શોકને અંગે કાંતિવિહુણા શરીરવાળી, રાહુથી ઘેરાતા ચંદ્રની માફક ઉગામેલા ખડ્ગવાળા યોગીવડે ભયંકર આંખથી જોવાતી, કરવીર(કરેણ)ની માળા તેમજ રાતા ચંદનથી લેપાયેલ, જાણે શ્રાપને લીધે સ્વર્ગથી ભ્રષ્ટ થયેલ ઇંદ્રપુરીની લક્ષ્મી સરખી નવયૌવનવાળી એક સ્ત્રીને તે મંડળની નજીક બેઠેલી અને વારંવાર નીચે પ્રમાણે વિલાપ કરતી તે રાજાએ જોઇ. " દુષ્ટ હૃદયી આ ચંડાળના મુખમાંથી મને બચાવી શકે તેવી ધીર વ્યક્તિથી શું આ ત્રણ જગત્ શૂન્ય બની ગયું ? અરે ! ત્રણ જગતનું પ્રતિપાલન કરવામાં સમર્થ પૂજ્ય **ધર્મરાજ** પણ ભાગ્યહીન મારા માટે ખરેખર પ્રતિકૂળ બન્યા જણાય છે. હે સૂર્યદેવ ! આપના ચરણકમળમાં વારંવાર પ્રણામ કરીને પ્રાર્થું છું કે–જગતના નેત્રરૂપ આપ મારા માટે કોઇ રક્ષક પુરુષને જુઓ–મોકલો–શોધી કાઢો. " ઉપર પ્રમાણેનો વિલાપ સાંભળીને વિશ્વોપકાર માટે જ જેમણે દીક્ષા સ્વીકારી છે તેવા તે રાજાએ તરવાર ધારણ કરતાં તે યોગીન્દ્રને રોષપૂર્વક કહ્યું કે–" હે મહાત્મન્ ! લક્ષ્મીના શુભ ચિહ્નોવડે અલૌકિક કાંતિવાળી અને કદાવર આપની દેહાકૃતિ, આપ માત્ર યોગી જ હો તેમ સૂચવતી નથી. હે ધર્મી પુરુષ ! ઉભય લોકને અહિતકારક આવું આ કાર્ય મુખદ્વારા ઊંચેથી બોલવા યોગ્ય પણ નથી, તો તમારા જેવાથી તેનું આચરણ તો થાય જ કેમ ? કુપથગામી મુસાફરોને સત્ય માર્ગે વાળનાર સંત પુરુષો જ છે તો તે પોતે કુમાર્ગે ડગલું પણ કેમ ભરી શકે ? હે યોગીશ્વર ! આ સ્ત્રીને જીવિતદાન આપવાવડે કરીને અત્રે આવેલા અતિથિરૂપ મારો આતિથ્યસત્કાર કરવો તમને ઘટે છે, અર્થાત્ જો તમો મારો આતિથ્યસત્કાર કરવા ઇચ્છતા હો તો આ સ્ત્રીને મુક્ત કરો " એટલે તે સ્ત્રીના મસ્તક પ્રદેશથી ખેંચી લીધેલ દૃષ્ટિવડે અભયંકરને જોતાં તે સાહસિક યોગીએ કહ્યું કે–" ત્રણ જગતને પવિત્ર કરનાર આવા સુંદર ચારિત્ર અને મનોહર શરીરથી તું ચક્રવર્તી જેવો દેખાય છે, તો આ કાર્યમાં મારી પ્રવૃત્તિનું કારણ સાંભળ; કારણ કે તમારી જેવા પુણ્યાત્માઓ કોને વિશ્વાસપાત્ર નથી બનતા ?

ઊંચા ગિરિશિખરોથી જાણે આકાશનો કોળિયો કરી જવા માંગતો હોય તેવો અતિ વિશાળ **વૈતાઢ્ય** નામનો પર્વત છે. ત્યાં ઉત્તરશ્રેણીના વિદ્યાધર રાજાનો હું પુત્ર છું. મેં વંશપરંપરાથી ચાલી આવેલી **અપરાજિતા** નામની વિદ્યા સાધવાનો આરંભ કર્યો. તે પ્રકારે તેના એકાગ્ર ધ્યાનથી અવધિ ( સમય ) પૂર્ણ થયા પહેલાં જ તે વિદ્યાદેવી મને સિદ્ધ થઇ અને બોલી કે–' હે પુત્ર ! હું તારી સેવાથી પ્રસન્ન થઇ છું. મારી આજ્ઞાથી ફરીને ઉત્તરક્રિયા કરવાને તું લાયક છો, તો બત્રીશ લક્ષણવાળી કોઇ સ્ત્રી અથવા અદ્ભુત પરાક્રમી પુરુષને અગ્નિકુંડમાં હોમીને તું શ્રેષ્ઠ વરદાન માગી લે. અગર જો મારા વચનનો તું અનાદર કરીશ તો તારા મસ્તકના હજારો ટુકડા થઇ જશે. ' આ પ્રમાણે કહીને તેણીના અંતર્ધ્યાન થવા પછી તે કાર્યની સિદ્ધિ અર્થે ભટકતો ભટકતો હું **સિંહપુર**નગરીના સ્વામીની આ કન્યાને બત્રીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષણવાળી જોઇને અહીં ઉપાડી લાવ્યો છું. હે મહાત્મન્! આ સ્ત્રીના પ્રાણોનું રક્ષણ કરવામાં તત્પર અને પારકાના કાર્યનો વિનાશ કરનાર તમે મારી વિદ્યાસિદ્ધિમાં કેમ અંતરાયભૂત થાઓ છો? હે વિવેકશાળી! જો આ સ્ત્રીનું જીવિત તમને ઇષ્ટ છે તો પૃથ્વીનું પાલન કરનાર મારા જેવા રાજાની જિંદગી શું તમને પ્રિય નથી?"

પછી અભયંકર નરેશ્વર બોલ્યો કે–"હે ભદ્ર! તું તારી જાતને તુચ્છ મનોદશાવાળી શ્રેણીએ–પંક્તિએ કેમ મૂકે છે? જગતમાં દરેક પ્રાણીઓ પારકાના ભોગે પોતાની જાતને તો પોષે જ છે. જ્યારે પોતાના ભોગે જગત્‌ને જીવાડે તેવી વ્યક્તિ વિરલ હોય છે. જે લોકો ધર્મનો નાશ કરીને માત્ર સંપત્તિને જ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે તેઓ ઝાડને મૂળમાંથી ઉખેડી નાખીને ફળ મેળવવાની ઇચ્છા ધરાવે છે અર્થાત્ મૂળમાંથી વૃક્ષનો નાશ કર્યા પછી તે વૃક્ષ ફળદાયી થતું નથી તેમ ધર્મનો નાશ કરીને કોઇ પણ વ્યક્તિ લાભ મેળવી શકતી નથી. સ્ત્રીહિંસાદ્વારા દેવીપૂજન કરવું એ શું તમે કદી સાંભળ્યું કે દેખ્યું છે? હું માનું છું કે તમે દેવીવડે માયા–પ્રપંચથી ઠગાયા છો, છતાં પણ જો દેવીવચન સાચું કરવું જ હોય તો આ કન્યાને છોડી દે અને તેના બદલામાં મારું મસ્તક હોમીને તું તારો મનોરથ પૂર્ણ કર. જો તું મારા કહ્યા પ્રમાણે કરીશ તો તારી જાત ઉપર, આ કન્યા ઉપર અને પારકાના કાર્યની સિદ્ધિ કરાવવામાં તત્પર એવા મારી ઉપર પણ અનહદ ઉપકાર થશે."

અભયંકર નૃપની આવી ઉદાર વાણી સાંભળીને દંતપંક્તિની કાંતિથી દિશાઓને પ્રકાશિત કરતો તે યોગી બોલ્યો કે–"ઉત્કૃષ્ટ ગુણાસ્પદ આ તમારું અદ્ભુત વ્યક્તિત્વ, બૃહસ્પતિની બુદ્ધિનો પણ તિરસ્કાર કરતી તમારી સાહસિક બુદ્ધિમત્તાને બતાવી રહ્યું છે, પરંતુ સદ્ભાગ્ય અને સૌભાગ્યના મંદિરરૂપ દેહનો અન્ય કાજે ત્યાગ કરનાર તમે ઘણાં જ સ્વાર્થભ્રષ્ટ બનો છો; કારણ કે **સ્વાર્થ ન સાધવો તે નરી મૂર્ખતા—બાલિશતા જ છે.** જો તું તારા આત્મ–બલિદાનથી આ કન્યાનું રક્ષણ કરવા ઇચ્છે છે તો હે ચતુર! સોનાના બદલામાં માત્ર લોઢાનો કાટ જ તું ખરીદે છે." આ પ્રમાણે યોગીએ કહ્યું એટલે અભયંકરે જણાવ્યું કે–"હે મિત્ર! તારું કથન મારા પ્રત્યેનો સદ્ભાવ સૂચવે છે, પરંતુ પરોપકારપરાયણ વ્યક્તિઓને તો અન્ય વ્યક્તિઓ જ સ્વાર્થરૂપ હોય છે. ઉત્તમ પુરુષો તો દાન, ધન, સહનશીલતા, સામર્થ્ય, અભ્યુદય, વડીલ જન પ્રત્યેનો પૂજ્યભાવ અને પરકાર્યની સિદ્ધિને જ પોતાના સ્વાર્થ સદૃશ માને છે. વળી જો અન્ય પ્રાણીઓના ઉપકારને માટે આ કાયા સમર્થ ન બને તો કરજદાર બનેલું અને પોષાયેલ હૃષ્ટપુષ્ટ થએલ આ અધમ શરીરથી શો લાભ? કૃતઘ્ની અને બહુ વિઘ્નવાળી આ કાયા જો ફોકટ ચાલી જવાની જ છે તો પરોપકાર અને પવિત્ર કાર્ય માટે તેને કેમ ન વેચી દેવી? આ દેહ દૈવને આધીન છે અને તે જ દૈવ આ શરીર ઝુંટવી લે છે તો તેનાથી જે કંઇ પુણ્ય હાંસલ થાય તે જ આત્માને ખરેખર હિતકર છે. હે મિત્ર! જો તું મારા કલ્યાણને માટે ખરેખર આદરભાવવાળો હો તો તે તારું પવિત્ર ખડ્ગ મને સોંપ."

ત્યારે યોગી વેશધારી વિદ્યાધરકુમાર બોલ્યો કે–"હે મહાત્મન્! દેવીવચનમાં મને લેશ માત્ર પણ સંદેહ નથી. હે રાજન્! એક સ્ત્રીને ખાતર ત્રણ લોકનું રક્ષણ કરવામાં સમર્થ તારા પ્રાણોનો ત્યાગ કરવા તું તત્પર થયો છે, તેથી હું માનું છું કે તું દરેક રીતે મૂર્ખ છો. એક સ્ત્રીનું રક્ષણ કરવા માટે કદાગ્રહી હે રાજન્! હું તારા જેવો વિચારઘેલો–વિચારવિહુણો નથી કે જેથી તને મારી આ તરવાર સોંપું." એટલે રાજા વિનયપૂર્વક ફરી બોલ્યો કે–"હે વિચારક! તારું આવું બોલવું તે જ મને વિચારશૂન્ય લાગે છે. અન્યને વધથી બચાવે તે જ ખરેખર ક્ષત્રિય નામને સાર્થક કરી બતાવે છે. એમ ન કરે તો ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થવા છતાં પણ માત્ર દેહના મળરૂપ જ ગણાય છે. તમારા બંનેના પ્રાણોના રક્ષણ માટે મારી કાયાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ કરતો તેમજ શાશ્વત યશરૂપી દેહને પ્રાપ્ત કરતો હું વિચારઘેલો–ગાંડો કઇ રીતે ગણાઉં ? ' આટલું કહેવા છતાં પણ તરવાર નહીં આપવાને ઇચ્છતા તે યોગીના હાથમાંથી યમરાજની ભ્રમર જેવું ખડ્ગ તેણે શાંતિપૂર્વક ખેંચી લીધું અને તે ઉપકારી ખડ્ગને મેળવીને જાણે તેને અમૃત વર્ષાથી નવરાવતો ન હોય તેમ તે રાજા તેને સ્નેહયુક્ત દૃષ્ટિથી વારંવાર આમતેમ જોવા લાગ્યો. તે સમયે ખડ્ગપ્રાપ્તિથી દુષ્પ્રેક્ષ્ય(ન જોવા લાયક)ને કારણે ભયંકર, તેમજ વિકસિત વદનકમળવાળો તે રમણીય અભયંકર નૃપ અધિક શોભવા લાગ્યો. પછી હર્ષ પામેલા અને કમળ જેવી આંખોવાળા તે રાજાએ પ્રેમપૂર્વક તે ખડ્ગ પોતાના જ હાથથી સ્વમસ્તક પ્રત્યે ચલાવ્યું. મુશ્કેલીથી મળી શકે તેવા ક્ષીરભોજનને પ્રાપ્ત કરીને દરિદ્રી પુરુષ જેમ સંતોષ પામે તેમ તે રાજા પણ પોતાના ગળા પર ખડ્ગ–સ્પર્શને અનુભવીને અતિ આનંદિત થવા લાગ્યો. ખડ્ગનો સત્કાર કરવા માટે જ જાણે ઊભી થઇ ગઇ હોય તેવી તેની વિકસ્વર રોમરાજીથી તે રાજા અતિશય શોભવા લાગ્યો, પણ આ અવસરે શત્રુઓનો ઉચ્છેદ કરવામાં ચતુર રાજાનો જમણો હાથ એકાએક–અચાનક પોતાના મસ્તક પ્રત્યે તરવાર ચલાવવા અશક્ત નીવડ્યો. મંત્રથી ઝડપાયેલા ફણિધરની માફક તે રાજા પોતાના હાથના અચાનક સ્તંભનથી હૃદયમાં અતિ પરિતાપ પામ્યો. પછી જેટલામાં ધૈર્યશાળી, સાહસિકશિરોમણિ તે રાજા ડાબા હાથથી ખડ્ગને ગ્રહણ કરે છે તેટલામાં વજ્ર સરખા અને ઘસારાથી પ્રગટેલ અગ્નિ જેવા તેના ગળામાં તે તરવાર જાણે મીણની બનાવેલી હોય તેમ બુઠ્ઠી થઇ ગઇ. જ્યારે પોતાના હસ્તથી મસ્તક છેદવાને રાજા અસમર્થ બન્યો ત્યારે તેણે પોતાના મસ્તક–છેદન માટે જેટલામાં તે યોગીને વિનતિ કરી તેટલામાં તો પ્રચંડ પવનવડે જીર્ણ મૂળિયાવાળા વૃક્ષની જેમ તે અધમ યોગીંદ્ર રાજા સમક્ષ પૃથ્વી પર ઢળી પડ્યો.

આ અવસરે કંઇક મૂર્ચ્છિત બનેલા રાજાએ આકાશમંડળમાં અકસ્માત્ અપ્સરાઓનો હાહારવ સાંભળ્યો. પછી પોતાના કમંડળમાંથી અમૃત વર્ષાવતી, પ્રફુલ્લ તારાગણની જેવા મોતીની માળાથી મનોહર, ચંદ્ર જેવા પ્રકાશિત મુખવાળી, પવિત્ર ચંદનરસ જેવી સુંદર, ચકોરી જેવી સેવિકા–દેવાંગનાઓથી પરિવરેલ, નેત્રરૂપી કમળના આનંદના આવાસરૂપ, જાણે શરીરધારી ચંદ્રિકા હોય તેવી, સુંદર દેહાકૃતિવાળી દેવીને સચેતન બનેલા નૃપે નીરખી. બાદ તે દેવી બોલી કે–" હે વત્સ! હું **અપરાજિતા** નામની દેવી છું. તારા સાહસકાર્યથી હું અતિવ તૃષ્ટમાન થઇ છું તેથી તું વરદાન માગી લે." એટલે અધિક સૌંદર્યવાન બનેલ રાજા દેવીને નમસ્કાર કરીને બોલ્યો કે–" હે દેવી! ખરેખર આજ મારું ભાગ્યરૂપી વૃક્ષ ફળ્યું છે. શિરચ્છેદ કરવાને ઇચ્છતા મારા ઉપર જો તું તુષ્ટમાન થઇ હો તો હે માતા! મારો શિરચ્છેદ થાય તેવી જ હું પ્રાર્થના કરું છું, માટે તે સંબંધે મારા પર મહેરબાની કરો. હે ભયહારિણી દેવી! મારા સ્તંભિત થએલ હાથને છૂટા કરો કે જેથી મારો શિરચ્છેદ કરવાને હું સમર્થ બનું. મારા કહ્યા પ્રમાણે કરવાથી હે દેવી! પ્રતિજ્ઞાપાલન કરનાર મારા પર નિઃસંશય મહાન્ ઉપકાર થશે. રાજ્યનું, ધનનું તેમજ સ્રીજનનું મારે કંઇ પણ પ્રયોજન નથી. જો તમે ખરેખર મારા પર પ્રસન્ન જ થયા હો તો મારી માગણી સંતોષો–પૂર્ણ કરો. વળી હે દેવી! કદાચ મારા આ સાહસકાર્યથી સંતુષ્ટ થએલ તું મારો શિરચ્છેદ ન ઇચ્છતી હો તો આ યોગીની કાર્યસિદ્ધિ તો સંપૂર્ણ થવી જ જોઇએ." એટલે દેવી ફરીથી બોલી કે:–" હું તે દુષ્ટ યોગીને જીવતો કરવા પણ ઇચ્છતી નથી તો પછી કાર્યસિદ્ધિની તો વાત જ શી? હે પૃથ્વીપતિ! સ્રીહિંસાની ઇચ્છામાત્રથી પાપી બનેલો આ દુષ્ટ યોગી તમારા જેવાના વધથી સ્વકાર્યની સિદ્ધિ મેળવવા ચાહે છે. વરદાન આપવા પહેલાં આ યોગીની સત્ત્વશીલતાની પરીક્ષા કરવા માટે જ મેં તેને આવી આજ્ઞા આપી હતી. હે પુત્ર! પવિત્ર મંત્રાનુષ્ઠાનની ક્રિયા ત્યજી દઇને મારાથી ઠગાયેલા તેણે લોભને વશ થઇ આ નિર્દય કાર્ય આરંભ્યું. હે તત્ત્વજ્ઞ! ઉભય લોકનું અહિત કરનાર આ યોગીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇષ્ટ કાર્યની સિદ્ધિ ક્યાંથી થઇ શકે ? રસહીન કમળોવાળા સરોવરની સરખા પુરુષોને ભમરીની સરખી ચપળ લક્ષ્મી વશ કેમ થાય ? હે રાજન્ ! આવા દુષ્ટાત્માની ખાતર આ રત્નગર્ભા પૃથ્વીને તારા જેવા પુરુષરત્નવિહુણી બનાવવી યોગ્ય નથી. હે પરોપકારપરાયણ પ્રજાપાલક ! દુશ્ચરિત્રના ભંડાર તુલ્ય આ યોગીના જો કઈ પણ ઉપકાર થઇ શકતો હોય તો હું કહું તેમ કરો." સત્ક્રિયાની પાછળ સાત્ત્વિક પુરુષને ભવિષ્યકાળ લાભપ્રદ બને ( સારા કાર્યનું ફળ ભવિષ્યમાં સારું આવે ) તેમ દેવી બોલતી બંધ થઇ એટલે રાજાએ જણાવ્યું કે-" હે દેવી ! સાધ્ય કર્મમાં આપ જે કંઇ નિષેધ કરી રહ્યા છો તે નિષેધ જ ઊલટા આપને અધિકાધિક રીતે વિનવવાનું કારણ બને છે. શિરચ્છેદની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા સજ્જ થયેલા મને રોકતા તમે તુષ્ટમાન થવા છતાં પણ વાસ્તવિક રીતે તો રુષ્ટ ( કોપિત ) થયેલા જણાવ છો. હે દેવી ! પ્રતિજ્ઞાપાલનથી અટકાવવાને લીધે મારા યશરૂપી દેહને હણતી તારી મારા પરની પ્રસન્નતા કેવી રીતે કહી શકાય ? પ્રતિજ્ઞાભંગ કરીને જે કોઇ આ જગતમાં જીવતો મનાય, તો હે દેવી ! તું જ કહે કે-મરેલો કોને માનવો ? ખરેખર જ જો તું મારા પર પ્રસન્ન થઈ હો તો જેવી આવી તેવી જ અહીંથી ચાલી જા. જો કે હું મારું મસ્તક છેદવામાં અસમર્થ બન્યો છું તો પણ હું પોતે જ અગ્નિકુંડમાં પ્રવેશ કરીશ." આ પ્રમાણે કહીને અગ્નિમાં ઝંપાપાત કરવાને તે આગળ વધ્યો. **પરાક્રમી પુરુષોને આ જગતમાં કંઇ પણ અશક્ય નથી.** રાજાને ઝંપાપાત કરવાને તૈયાર થયેલ જોઇને અંતઃકરણમાં ક્ષોભ ધારણ કરતી સિંહપુરરાજાની પુત્રી પણ મૂર્ચ્છા પામી બેશુદ્ધ બની ગઇ.

પછી સંક્ષુબ્ધ હૃદયવાળી અને વિકસિત વદનવાળી તે અપરાજિતા દેવી એકદમ રાજાને ઝંપાપાત કરતો રોકીને હર્ષપૂર્વક બોલી કેઃ-" હે પુત્ર ! તું સાહસ ન કર. હું તારા પર ખરેખર પ્રસન્ન થઈ છું. તું જો, કે તારા અતિ આગ્રહથી આ અધમ યોગી પુરુષને હું જીવતો કરું છું." એ પ્રમાણે બોલીને પોતાના અંગધારી જીવિત સમાન કમંડળનું પાણી મુડદારૂપી યોગીના શરીર પર છાંટી તેને શુદ્ધિમાં લાવ્યા પછી મેઘવડે વેલને નવપલ્લવિત કરે તેમ તે દેવીએ તે કન્યા પર પણ તે જ પાણી છાંટીને તેને સચેતન કરી. 'આ શું ?' એમ આશ્ચર્યચકિત બનેલી ને પોયણા જેવી નેત્રવાળી તે કન્યા રાજાને સચેતન જોઇને વધુ આનંદ પામી. તેના મનોમંદિરમાં પ્રવેશેલા અલૌકિક ગુણવાળા તે રાજાએ, રતિના હૃદયમાં કામદેવ સ્થાન લે તેમ, પતિ-સ્વામી તરીકે સ્થાન લીધું, અર્થાત્ તે કુમારિકાએ અભયંકર રાજાને મનથી પોતાના ભર્તાર તરીકે સ્વીકારી લીધો. વળી તે સમયે તે કુમારિકાના કટાક્ષયુક્ત નિરીક્ષણે રાજાના મનને આકર્ષણ કરવાને ચાહતા કામદેવના મંત્રીપણાનું રૂપ ધારણ કર્યું. પછી દેવી ફરી બોલી કે-" હે મહાત્મન્ ! તમારા અતિવ આગ્રહથી આ યોગી પર તુષ્ટમાન થાઉં છું..." અને દેવી વધુ આગળ બોલે છે તેવામાં સત્ત્વરૂપી રત્નના સાગર સમાન તે રાજાના દર્શન માટે જ ઉત્કંઠાવાળો હોય તેમ સૂર્ય ઉદયાચળના શિખર પર દેખાયો. સૂર્યોદય થયો તેવામાં સતત સંભળાતા શબ્દોથી ગંભીર અને દિશાભાગોને પૂરી દેતો મોટો કોળાહળ થયો. આ કોળાહળને અનુસારે જ્યારે દિશામાં પોતાની દૃષ્ટિ ફેંકી ત્યારે તે વિચક્ષણ રાજવીએ કોઇએક સેનાને પોતા તરફ આવતી જોઇ. 'આ શું ?' એમ આશ્ચર્ય પામેલા રાજાને તે સૈન્યમાંથી કોઇએક વ્યક્તિએ આવીને, નમીને વિજ્ઞપ્ત કરી કે-"અમારા રાજા **અરિકેશરી** સંતતિરહિત મૃત્યુ પામવાથી ધણીવિહોણું બનેલું આ સૈન્ય ગોત્રદેવી અપરાજિતાની વિધિપુરસ્પર આરાધના કરીને તેમ જ તેની આજ્ઞાથી આપની સેવામાં હાજર થયું છે; તેથી હે સ્વામિન્ ! તમે આ રાજ્યલક્ષ્મીના માલીક થાઓ, કારણ કે મનોહર કુમુદનો છોડ પણ ચંદ્ર વિના શોભતો નથી. હે નાથ ! વંશપરંપરાથી અનુક્રમે ચાલ્યા આવતા **પ્રજ્ઞાલોક** નામના આ મંત્રીની પ્રાર્થનાનો અસ્વીકાર કરવો આપને ઘટતો નથી." પછી તે જ અપરાજિતા દેવીએ તે શ્રેષ્ઠ નરેંદ્રને સુવર્ણસિંહાસને સ્થાપીને સ્વહસ્તે જ અભિષેક કર્યો. તે સમયે જેમ પૂર્વાચળના શિખર પર ચંદ્રબિંબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝળહળી ઊઠે તેમ તેના મસ્તક પર શ્વેત છત્ર શોભવા લાગ્યું. પછી મંગલ સ્નાનાદિ કાર્ય કરેલી તે સિંહપુરાધીશની પુત્રીને પણ તે રાજાને સોંપીને અપરાજિતા દેવી ક્ષણુ માત્રમાં અંતર્ધ્યાન થઇ ગઈ.

પછી તે અરિકેશરી રાજાના **લક્ષ્મીપુર** નામના નગરમાં તે કુમારી સાથે રાજાએ પ્રવેશ કર્યો. સાગર સમી તે લક્ષ્મીપુર નગરની સામ્રાજ્ય લક્ષ્મીને મેળવીને અભયંકર ભૂપાળે મેઘની માફક પૃથ્વીને તૃપ્ત કરી. (એટલે કે મેઘ જેમ સાગરમાંથી જળ ખેંચીને પૃથ્વીને ધનધાન્યાદિકવડે તૃપ્ત કરે તેમ આ રાજાએ સામ્રાજ્ય પ્રાપ્ત કરીને લોકોને દાનાદિવડે સંતોષ પમાડ્યા.)

આ સમયે હર્ષિત થએલા સિંહપુરાધીશે પણ આવીને પોતાની તે **અનંગવતી** કુમારિકાને અભંયકર ભૂપાળ સાથે પરણાવી. ભકિતથી તુષ્ટ મનવાળા બીજા ખેચરો ને ભૂચર રાજાઓએ પણ પોતપોતાની કન્યા વિગેરે ભેટણાથી તે રાજાનો સત્કાર કર્યો. આ ઉપરાંત અપરાજિતા દેવીની પ્રસન્નતાથી વિશાળ વૈભવવાળો બનેલો (યોગી વેશધારી) **વિદ્યાધરેંદ્ર**, પુષ્પનગરીનો રાજા **નૃસિંહ** અને જેને સ્વરાજ્ય સમર્પણ કર્યું હતું તે તગરાનગરીનો રાજા **ઘનવાહન** તેમજ અન્ય માંડલિક રાજાઓ પણ પ્રમોદપૂર્વક ચારે દિશાએથી આવીને રત્ન, ઘોડા, હાથી વિગેરે વિવિધ ભેટણાદ્વારા અભયંકર નૃપની સેવા કરવા લાગ્યા.

એકદા દાવાનળ સરખા પ્રતાપી અભયંકર રાજાની આયુધશાળામાં અતિ તેજસ્વી ચક્રરત્ન પ્રગટ થયું. આ ચક્રરત્નના પ્રભાવથી વૃધ્ધિંગત પ્રતાપવાળા તેણે છ ખંડ પૃથ્વી સાધી. અલૌકિક ગુણોને કારણે આ રાજાએ ફક્ત રાજાઓમાં જ ચક્રવર્તીપદ મેળવ્યું એટલું જ નહિ પરંતુ સંતપુરુષની શ્રેણીમાં પણ શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું. પછી યથાવસરે સર્વવિરતિ(દીક્ષા)રૂપી સામ્રાજ્ય–સંપત્તિને સ્વીકારીને તે અભયંકર ચક્રવર્તી મુકિત મેળવશે.

## શું તમને તમારા સર્વ શક્તિમાન આત્મા વિશે શંકા છે?

**સ્વાત્મનિષ્ઠ** મનુષ્યને આખા જગતે એક બાજુ થઇને માર્ગ આપવો જ જોઇએ. જગતના પ્રભુ થાઓ, નહિં તો જગત તમારી પર જ પ્રભુત્વ જમાવી દેશે. શું તમને તમારા પોતાના આત્મા વિષે શંકા છે? આ વિષે હૃદયમાં સંશયને જગ્યા આપવા કરતાં તેમાં બંદુકની ગોળીને જગ્યા આપવી બહેતર છે. તમારું અંતઃકરણ તમોને દગો દે છે કેમ? તેને ખેંચી કાઢો અને ફેંકી દો. ઉલ્લાસિત હૃદયથી સત્ય સાગરમાં પ્રવેશ કરો, ગભરાઓ છો શા માટે? તમારો દિવ્યાત્મા તો સર્વ શક્તિમાન છે. એ જ્યારે પ્રકાશવા માંડશે ત્યારે તો સર્વ પરિસ્થિતિ પોતાની મેળે જ પોતાનું કાર્ય કરવા લાગશે અને સર્વ વસ્તુઓ આનંદિત અને સુવ્યવસ્થિત થશે. તમે તમારા આત્માના વૈભવ અને ઐશ્વર્યથી વિલસિત રહો એટલે દેવ અને યક્ષ-કિન્નરાદિને કંગાલ ગુલામ બની તમારી સેવામાં હાજર થયા વિના છૂટકો જ નથી. તમે તમારા પ્રભાવમાં સ્થિર થઇને જુઓ તો ખરા? જગત એની મેળે જ તમારી તરફ દોડતું આવશે.

—**સ્વામી રામતીર્થ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વીરશાસનનું મૂળતત્ત્વ

# અનેકાન્તવાદ–સ્યાદ્વાદ

કોઇપણ ધર્મ-પ્રવર્તક પોતાના શાસનનું સ્થાયી અને વ્યાપક રૂપ આપવાને જનસમાજની સામે બે વાત રજૂ કરે છેઃ એક તો ધર્મનું ઉદ્દેશ-રૂપ અને બીજું તેનું વિધેય-રૂપ. બીજા શબ્દોમાં કહીએ તો ધર્મના ઉદ્દેશ-રૂપને સાધ્ય, કાર્ય અથવા સિદ્ધાંત અને તેના વિધેય-રૂપને સાધન, કારણ અથવા આચરણ કહી શકીએ છીએ. વીરશાસનના પારિભાષિક શબ્દોમાં ધર્મના આ બે રૂપોને અનુક્રમે નિશ્ચય-ધર્મ અને વ્યવહાર-ધર્મ કહેવામાં આવ્યા છે. પ્રાણીમાત્રને આત્મકલ્યાણમાં આ નિશ્ચય-ધર્મ ઉત્કૃષ્ટ વસ્તુ છે અને વ્યવહાર-ધર્મ છે આ નિશ્ચય-ધર્મની પ્રાપ્તિને માટેનો કર્તવ્ય માર્ગ.

આ બંને વાતોને જે ધર્મ-પ્રવર્તક સરળ, સ્પષ્ટ અને વ્યવસ્થિત રીતે રાખવાનો પ્રયત્ન કરે છે તેને શાસન-સંસારમાં સહુથી અધિક મહત્વ-શાળી સમજી શકાય છે, એટલું જ નહિ તે સહુથી અધિક પ્રાણીઓને હિતકર બની શકે છે. તેથી પ્રત્યેક ધર્મપ્રવર્તકનું લક્ષ્ય દાર્શનિક સિદ્ધાંતની તરફ દોડે છે. વીરભગવાનનું ધ્યાન પણ આ તરફ ગયું અને તેમણે દાર્શનિક તત્વોને વ્યવસ્થિત રૂપથી તેની તથ્યપૂર્ણ સ્થિતિ સુધી પહોંચાડવાને દર્શન-શાસ્ત્રના આધારસ્તંભરૂપ **અનેકાંતવાદ** અને **સ્યાદ્વાદ** એ બે તત્ત્વોનો આવિર્ભાવ કર્યો.

અનેકાંતવાદ અને સ્યાદ્વાદ એ બંને દર્શનશાસ્ત્રને માટે મહાન ગઢ છે. જૈન દર્શન તેની સીમામાં વિચરતા સંસારના સમસ્ત દર્શનોને માટે આજ સુધી અજેય બનેલ છે. બીજા દર્શન જૈન દર્શનને જીતવાનો પ્રયાસ તો કરે છે, પરંતુ આ દુર્ગોને દેખીને જ તેમને શક્તિહીન બની બેસી જવું પડે છે. કોઇની પણ પાસે તેને તોડવાનું સાધન નથી,

જ્યાં અનેકાંતવાદ અને સ્યાદ્વાદનું આટલું મહત્વ છે ત્યાં એ પણ નિઃસંકોચ કહેવું પડે છે કે સાધારણ મનુષ્યની તો વાત જ શી? જૈનેતર વિદ્વાનોની સાથે સાથે પ્રાયઃ જૈન વિદ્વાન પણ તેનું વિશ્લેષણ કરવાને અસમર્થ છે.

અનેકાંત અને સ્યાત્ એ બેઉ શબ્દ એકાર્થક છે કે ભિન્નાર્થક? અનેકાંતવાદ અને સ્યાદ્વાદનું સ્વતંત્ર સ્વરૂપ શું છે? અનેકાંતવાદ અને સ્યાદ્વાદ બેના પ્રયોગ સ્થળ એક છે કે સ્વતંત્ર? એ દરેક સમસ્યાઓ આજે આપણી સામે ઉપસ્થિત છે.

યદ્યપિ આ સમસ્યાઓને આપણી અને દર્શન-શાસ્ત્રની ઉન્નતિ કે અવનતિ સાથે પ્રત્યક્ષ રૂપમાં કોઇ સંબંધ નથી પરંતુ અપ્રત્યક્ષરૂપમાં તે હાનિકારક તો અવશ્ય છે, કારણ કે જે પ્રકારે એક ગ્રામીણ કવિ છંદ, અલંકાર, રસરીતિ આદિનું શાસ્ત્રીય પરિજ્ઞાન ન કરીને પણ છંદ, અલંકાર આદિથી સુસજ્જિત પોતાની ભાવપૂર્ણ કવિતાથી જગતને પ્રભાવિત કરવામાં સમર્થ બને છે એ પ્રકારે સર્વસાધારણ લોક પણ અનેકાંતવાદ અને સ્યાદ્વાદના શાસ્ત્રીય પરિજ્ઞાનથી શૂન્ય હોય છતાં પરસ્પર વિરોધી જીવન સંબંધી સમસ્યાઓનો આ બંને તત્ત્વોના બળ પર અવિરોધ રૂપથી સમન્વય કરતા પોતાના જીવન-સંબંધી વ્યવહારોને યદ્યપિ વ્યવસ્થિત બનાવી લે છે, પરંતુ ભિન્નભિન્ન વ્યક્તિઓના જીવન સંબંધી વ્યવહારોમાં પરસ્પર વિરોધીપણું હોવાને કારણે જે લડાઇ-ઝગડા પેદા થાય છે તે બધું અનેકાંતવાદ અને સ્યાદ્વાદના રૂપને ન સમજવાનું જ પરિણામ છે. એ પ્રમાણે અજૈન દાર્શનિક વિદ્વાન પણ અનેકાંતવાદ અને સ્યાદ્વાદને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનશાસ્ત્રનું અંગ ન માનીને પોતાના સિદ્ધાંતોમ ઉપસ્થિત થયેલ પરસ્પર વિરોધ સમસ્યાઓનો તેના બલ પર જોર કરીને યદ્યપિ દાર્શનિક તત્ત્વોની વ્યવસ્થા કરવામાં સમર્થ બનતા નજરે પડે છે, તોપણ ભિન્ન ભિન્ન દાર્શનિકોના સિધ્ધાંતોમાં પરસ્પર વિરોધીપણું હોવાનું કારણ તેના દ્વારા પોતાના સિધ્ધાંતોને સત્ય અને મહત્ત્વશાળી તથા બીજાના સિધ્ધાંતોને અસત્ય અને મહત્ત્વરહિત સિધ્ધ કરવાની જે અસફલ ચેષ્ટા કરવામાં આવે છે, તે પણ અનેકાંતવાદ અને સ્યાદ્વાદના સ્વરૂપને ન સમજવાનું જ ફળ છે.

સારાંશ એ છે કે લોકોમાં એક બીજા પ્રતિ જે વિરોધી ભાવનાઓ તથા ધર્મોમાં જે સાંપ્રદાયિકતા આજ જોવામાં આવે છે તેનું કારણ અનેકાંતવાદ અને સ્યાદ્વાદ ન સમજવાનું જ કહી શકાય.

યદ્યપિ જૈની લોકો અનેકાંતવાદી અને સ્યાદ્વાદી કહેવાય છે અને તેઓ ખુદ પણ પોતાને એવા કહે છે, તો પણ તેના મૌજુદ પ્રચલિત ધર્મમાં જે સાંપ્રદાયિકતા અને તેના હૃદયોમાં બીજા પ્રતિ જે વિરોધી ભાવનાઓ જોવામાં આવે છે તેના બે કારણ છે. એક તો એ કે તેનામાં પણ પોતાના ધર્મને સર્વથા સત્ય અને મહત્ત્વશાલ તથા બીજા ધર્મોને સર્વથા અસત્ય અને મહત્ત્વ રહિત સમજવાના અહંકાર વૃત્તિ પેદા થવાથી તેઓએ અનેકાંતવાદ અને સ્યાદ્વાદના ક્ષેત્રને બિલકૂલ સંકુચિત બનાવી દીધું છે અને બીજું એ કે અનેકાંતવાદ અને સ્યાદ્વાદની વ્યવહારિક ઉપયોગિતાને તેઓ પણ ભૂલી ગયા છે.

## અનેકાંત અને સ્યાત્‌નો અર્થભેદ—

ઘણા વિદ્વાન આ બેઉ શબ્દોનો એક અર્થ સ્વીકારે છે. તેઓનું કહેવું છે કે અનેકાંત-રૂપ પદાર્થ જ સ્યાત્ શબ્દોનો વાચ્ય છે. અને એટલે તે અનેકાંત અને સ્યાદ્વાદમાં વાચ્ય વાચક સંબંધ સ્થાપિત કરે છે. તેઓના મત પ્રમાણે અનેકાંત વાચ્ય છે અને સ્યાદ્વાદ તેનો વાચક છે. પરંતુ "वाक्येष्वनेकान्तद्योती" ઇત્યાદિ કારિકામાં પડેલ 'द्योति' શબ્દની દ્વારા સ્વામી સમંતભદ્ર સ્પષ્ટ સંકેત કરે છે કે સ્યાત્ શબ્દ એકાંતનો દ્યોતક છે; વાચક નહિ.

યદ્યપિ કોઇ શાસ્ત્રકારોએ પણ કોઈ કોઇ ઠેકાણે સ્યાત્ શબ્દને અનેકાંત શબ્દનો બોધક સ્વીકારેલ છે પરંતુ તે અર્થ વ્યવહારોપયોગી જણાતો નથી. કેવળ સ્યાત્ શબ્દનો અનેકાંતરૂપ રૂઢ અર્થ માનીને આ બેઉ શબ્દોની સમાનાર્થકતા સિદ્ધ કરેલ છે.

યદ્યપિ રૂઢીથી શબ્દોના અનેક અર્થ થયા કરે છે અને તે અસંગત પણ કહેવાય નહિ, તોપણ એ માનવું પડે છે કે સ્યાત્ શબ્દનો અનેકાંતરૂપ અર્થ પ્રસિદ્ધ અર્થ નથી. જે શબ્દથી જે અર્થનો સરળ રીતે બોધ થઇ શકે તો તે શબ્દ તો પ્રસિદ્ધ માનવામાં આવે છે. અને તે જ પ્રાયઃ વ્યવહારોપયોગી બને છે. જેવી રીતે ગો શબ્દ પશુ, ભૂમિ, વાણી આદિ અનેક અર્થોમાં રૂઢ છે પરંતુ તેનો પ્રસિદ્ધ અર્થ પશુ જ છે. એવી રીતે તે જ વ્યવહાર ઉપયોગી માનવામાં આવે છે. બીજું તો શું? હોય હિંદીમાં ગૌ કે ગાય શબ્દ જો કે ગો શબ્દનો અપભ્રંશ છે છતાં કેવળ સ્ત્રીવાચક ગો માંજ વ્યવહૃત છે, પુરૂષ ગો અર્થાત્ બળદરૂપ અર્થમાં નહિં. તેનું તાત્પર્ય એ નહિં કે એ બળદરૂપ અર્થનું વાચક જ નથી કિન્તુ બળદરૂપ અર્થ તેનો પ્રસિદ્ધ અર્થ નથી એમ જ સમજવાનું છે. સ્યાત્ શબ્દ ઉચ્ચારણની સાથોસાથ કથંચિત્ અર્થની પ્રતિ સંકેત કરે છે, અનેકાંતરૂપ અર્થની પ્રતિ નહિં તેથી કથંચિત્ શબ્દના અર્થ જ સ્યાત્ શબ્દનો અર્થ અથવા પ્રસિદ્ધ અર્થ સમજવો જોઇએ.

## અનેકાંતવાદ અને સ્યાદ્વાદનું સ્વરૂપ—

અનેકાંતવાદ શબ્દના ત્રણ શબ્દાંશ છે—અનેક, અંત અને વાદ. તેથી અનેક-નાના, અંત-વસ્તુ ધર્મોની, વાદ-માન્યતાનું નામ 'અનેકાંતવાદ' છે. એક વસ્તુમાં નાના ધર્મોને (સ્વભાવોને) પ્રાયઃ બધા દર્શન સ્વીકાર કરે છે જેથી અનેકાંતવાદની કોઈ વિશેષતા નથી રહી જતી અને તેથી તે ધર્મોનું કવચિત્ વિરોધીપણું પણ અનાયાસ સિદ્ધ થઇ જાય છે ત્યારે એક વસ્તુમાં પરસ્પરવિરોધી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવિરોધી નાના ધર્મોની માન્યતાનું નામ અનેકાંતવાદ સમજવું જોઇએ. આ અનેકાંતવાદનું અવિકળ સ્વરૂપ કહી શકાય છે.

સ્યાદ્વાદ શબ્દના બે શબ્દાંશ છે. સ્યાત્ અને વાદ. ઉપર લખેલ અનુસાર સ્યાત્ અને કથંચિત એ બેઉ શબ્દ એક અર્થના બોધક છે—કથંચિત શબ્દનો અર્થ છે, "કોઇ પ્રકાર" આ અર્થ સ્યાત્ શબ્દને સમજવો જોઇએ. વાદ શબ્દનો અર્થ છે માન્યતા. "કોઇ પ્રકારે અથવા એક દૃષ્ટિએ—એક અપેક્ષાએ અથવા એક અભિપ્રાયે" એ પ્રકારની માન્યતાનું નામ સ્યાદ્વાદ છે. તાત્પર્ય એ છે કે વિરોધી અથવા અવિરોધી નાના ધર્મવાળી વસ્તુમાં અમુક ધર્મ અમુક દૃષ્ટિએ અથવા અમુક અપેક્ષા અથવા અમુક અભિપ્રાય છે તથા વ્યવહારમાં "અમુક કથન, અમુક વિચાર, અથવા અમુક કાર્ય અમુક દૃષ્ટિએ, અમુક અપેક્ષા, અથવા અમુક અભિપ્રાયને લીધે હોય છે." આ પ્રકારે વસ્તુના કોઇ પણ ધર્મ તથા વ્યવહારની સામંજસ્યતાની સિધ્ધિને માટે તેના દૃષ્ટિકોણ અથવા અપેક્ષાનું ધ્યાન રાખવાનું જ સ્યાદ્વાદનું સ્વરૂપ માની શકાય છે.

**અનેકાંતવાદ અને સ્યાદ્વાદના પ્રયોગના સ્થળભેદ—**

(૧) આ બેઉ ઉલ્લિખિત સ્વરૂપ પર ધ્યાન આપવાથી જણાય છે કે જ્યાં અનેકાંતવાદ આપણી બુદ્ધિને વસ્તુના સમસ્ત ધર્મોની તરફ સમાન રૂપથી ખેંચે છે ત્યાં સ્યાદ્વાદ વસ્તુના એક ધર્મના પ્રધાન રૂપથી બોધ કરાવવાને સમર્થ છે.

(૨) અનેકાંતવાદ એક વસ્તુમાં પરસ્પર વિરોધી અને અવિરોધી ધર્મોનો વિધાતા છે. જે વસ્તુને નાના ધર્માત્મક બતાવીને જ ચરિતાર્થ બની જાય છે, સ્યાદ્વાદ તે વસ્તુને તે નાના ધર્મોના દૃષ્ટિભેદોને બનાવીને આપણા વ્યવહારમાં આવવાને યોગ્ય બતાવે છે. અર્થાત્ તે નાના ધર્માત્મક વસ્તુ આપણે માટે કોઇ હાલતમાં કોઇ પ્રકારે ઉપયોગી થાય છે એ વાત સ્યાદ્વાદ બતાવે છે. થોડા શબ્દોમાં કહી શકીએ કે અનેકાન્તવાદનું ફળ વિધાનાત્મક છે અને સ્યાદ્વાદનું ઉપયોગાત્મક.

(૩) એ પણ કહી શકાય કે અનેકાંતવાદનું ફળ સ્યાદ્વાદ છે. અનેકાંતવાદની માન્યતાએ જ સ્યાદ્વાદની માન્યતાનો જન્મ આપ્યો છે, કારણ કે જ્યાં નાના ધર્મોના વિધાન નથી ત્યાં દૃષ્ટિભેદની કલ્પના કેમ હોઇ શકે ?

ઉલ્લિખિત ત્રણ કારણોથી બીલકુલ સ્પષ્ટ બને છે કે અનેકાંતવાદ અને સ્યાદ્વાદના પ્રયોગ જુદા જુદા સ્થળોમાં થવા જોઇએ એ પ્રકારે એ વાત પણ સિદ્ધ થાય છે કે અનેકાંતવાદ અને સ્યાદ્વાદ એ બેઉ એક નથી પરંતુ પરસ્પર સાપેક્ષ અવશ્ય છે. જો અનેકાંતવાદની માન્યતા વિના સ્યાદ્વાદની માન્યતાની કોઇ આવશ્યકતા નથી તો સ્યાદ્વાદની માન્યતાની વિના અનેકાંતવાદની માન્યતા પણ નિરર્થક જ નહિ બલ્કે અસંગત તો સિદ્ધ થશે. આપણે વસ્તુને નાનાધર્માત્મક માનીને પણ જ્યાં સુધી તે નાના ધર્મોના દૃષ્ટિભેદ નહિ સમજીએ ત્યાં સુધી તે ધર્મોની માન્યતા અનુપયોગી તો થશે જ. સાથે તે માન્યતા યુક્તિસંગત પણ નહિ કહી શકાય.

જેમ રોગીને માટે લાંઘણ ઉપયોગી પણ છે અને અનુપયોગી પણ છે. આ તો લાંઘણના વિષયમાં અનેકાંતવાદ થયો, પણ કોઇ રોગીને માટે તે ઉપયોગી છે અને કોઇ રોગીને માટે તે અનુપયોગી છે આ દૃષ્ટિભેદને બતાવવાવાળા સ્યાદ્વાદને જો ન માનવામાં આવે તો આ માન્યતા કેવળ વ્યર્થ નહિ લાગે બલ્કે પિત્ત જ્વરવાળા રોગી લાંઘણની સામાન્ય રાહ પર ઉપયોગિતા સમજી જો લાંઘણ કરવા લાગે તો તેને તે લાંઘણદ્વારા હાનિ જ ઉઠાવવી પડશે. એથી અનેકાંતવાદદ્વારા રોગીના સંબંધમાં લાંઘણની ઉપયોગિતા અને અનુપયોગિતારૂપ બે ધર્મો માનીને પણ તે લાંઘણ અમુક રોગીને માટે ઉપયોગી અને અમુકને માટે અનુપયોગી છે એ દૃષ્ટિભેદને સમજાવવાવાળા સ્યાદ્વાદને માનવો જ પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક બીજી પણ વાત છે. એકાંતવાદ વક્તા સાથે અધિક સંબંધ રાખે છે, કારણ કે વક્તાની દૃષ્ટિ પણ વિધાનાત્મક રહે છે. તે પ્રકારે સ્યાદ્વાદ શ્રોતા સાથે અધિક સંબંધ રાખે છે, કારણ કે તેની દૃષ્ટિ હંમેશા ઉપયોગાત્મક રહ્યા કરે છે. વક્તા અનેકાંતવાદદ્વારા નાના ધર્મવિશિષ્ટ વસ્તુનું દિગ્દર્શન કરાવે છે અને શ્રોતા સ્યાદ્વાદની સ્હાય તે વસ્તુના ઉપયોગી અંશને કેવળ પોતાને માટે ગ્રહણ કરે છે.

આ કથનથી એ તાત્પર્ય નહિ લેવું જોઇએ કે વક્તા 'સ્યાત્'ની માન્યતાને અને શ્રોતા અનેકાંતની માન્યતાને ધ્યાનમાં રાખતા નથી. જો વક્તા સ્યાતની માન્યતા ધ્યાનમાં નહિ રાખે તો તે એક વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મોનો સમન્વય ન કરી શકવાના કારણે તે વિરોધી ધર્મોના તે વસ્તુમાં વિધાન જ કેમ કરી શકશે ? એમ કરતાં સમયવિરોધરૂપ સિપાહી ચોરની જેમ તેનો પીછો પકડવાને હમેશાં તૈયાર રહેશે. એ પ્રકારે જો શ્રોતા અનેકાંતવાદની માન્યતાને ધ્યાનમાં નહિ રાખે તો તે દૃષ્ટિભેદ કયા વિષયમાં કરશે ? કારણ કે દૃષ્ટિભેદનો વિષય અનેકાંત અર્થાત વસ્તુના નાના ધર્મ તો છે જ.

એટલે ઉપરના કથનથી કેવળ એટલું તાત્પર્ય લેવું જોઇએ કે વક્તાને માટે વિધાન પ્રધાન છે ને સ્યાતની માન્યતાપૂર્વક અનેકાંતની માન્યતાને અપનાવે છે તે માટે ઉપયોગપ્રધાન છે તે અનેકાંતની માન્યતાપૂર્વક સ્યાતની માન્યતાને અપનાવે છે. માનો કે એક મનુષ્ય અનેકાંતવાદની સ્હાયદ્વારા એવા અનુમાન પર પહોંચે કે મનુષ્ય વસ્તુત્વના સંબંધે નાના ધર્માત્મક છે. તે પિતા છે, પુત્ર છે, મામા છે, ભાઇ છે, આદિ આદિ છે. આપણે વક્તાની હેસિયતે તેના આ સંપૂર્ણ ધર્મોનું નિરૂપણ કર્યું. સ્યાદ્વાદથી એ વાત સત્ય થઇ કે તે પિતા છે–સ્યાત્ કોઇપણ પ્રકારે દૃષ્ટિ વિશેષે અર્થાત્ પોતાના પુત્રની અપેક્ષાએ. તે પુત્ર છે–સ્યાત્ કોઇ પ્રકારે અર્થાત્ પોતાના પિતાની અપેક્ષાએ. તે મામા છે સ્યાત્ કોઇ પ્રકારે અર્થાત પોતાના ભાણેજની અપેક્ષાએ. તે ભાઇ છે–સ્યાત કોઈ પ્રકારે અર્થાત્ પોતાના ભાઇની અપેક્ષાએ. હવે જો શ્રોતા લોકોને તે મનુષ્ય સાથે આ દૃષ્ટિઓમાં કોઇ પણ દૃષ્ટિથી સંબંધ હોય તો તે પોતપોતાની દૃષ્ટિએ પોતપોતાની માન્યતાને અનુકૂળ ધર્મને ગ્રહણ કરતા રહેશે. પુત્ર તેને પિતા કહેશે, પિતા તેને પુત્ર કહેશે, ભાણેજ તેને મામા કહેશે અને ભાઇ તેને ભાઇ કહેશે, પણ અનેકાંતવાદને ધ્યાનમાં રાખીને તે એક બીજાના વ્યવહારને અસંગત નહિ ઠરાવશે. અસ્તુ.

આ પ્રકાર અનેકાંતવાદ અને સ્યાદ્વાદના વિશ્લેષણનો યથાશકિત પ્રયત્ન છે. આશા છે કે આથી પાઠકજન આ બંને સ્વરૂપને સમજવામાં સફલ થવા સાથે સાથે વીર ભગવાનના શાસનની ગંભીરતાનો સહજમાં અનુભવ કરશે અને આ બેઉ તત્ત્વોદ્વારા સાંપ્રદાયિકતાના પરદાને હટાવીને વિશુધ્ધ ધર્મની આરાધના કરતા અનેકાંતવાદ અને સ્યાદ્વાદના વ્યવહારિક રૂપને પોતાના જીવનમાં ઉતારીને વીર ભગવાનના શાસનની અદ્વિતીય લોકોપકારિતાને સિધ્ધ કરવામાં સમર્થ થશે.

[ ઉદ્ધરિત "અનેકાન્ત" ]

'અનેકાંત' માસિક વર્ષ ૨, કિરણ ૧ લાંમાંના હિંદી લેખનો અનુવાદ. મૂળ લેખક શ્રી પં. વંશીધર વ્યાકરણાચાર્ય, ન્યાયતીર્થ વ સાહિત્યશાસ્ત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાં ☆ ચ

સ ☆ કા ☆ ર

# સંતોષ

—અનુ૦ **અભ્યાસી** B. A.

**આ**જકાલ એમ કહેવામાં આવે છે કે આળસુ અને અકર્મણ્ય લોકો પોતાની દુર્બળતા છુપાવવા માટે સંતોષના વખાણ કર્યા કરે છે. વસ્તુતઃ સંતોષ એવા નકામા લોકોના કામની ચીજ છે. આ સંતોષની ભાવનાએ ભારતવાસીઓને કર્તવ્યવિમુખ બનાવીને પરાધીનતાની બેડીઓમાં જકડી લીધા છે. એનાથી મુક્ત થવાનો ઉપાય અસંતોષ, વૃદ્ધિ અને વિસ્તાર જ છે. અસંતોષ જ ઉન્નતિનું મૂળ છે, અસંતોષ જ આપણી સ્થિતિનો સાચો અનુભવ કરાવીને આગળ વધવાને માટે પ્રોત્સાહિત કરે છે, અસંતોષથી જ જીવનમાં જાગૃતિ આવે છે અને અસંતોષ જ મનુષ્યને કર્તવ્યપરાયણ બનાવીને તેને સુખી બનાવી શકે છે.

એટલા માટે આજકાલ આ યુગના પ્રસિદ્ધ જનસેવકો તરફથી જ્યાં ત્યાં અસંતોષની આગ સળગાવવાના વિવિધ પ્રયત્નો કરવામાં આવે છે. અસંતોષની આગ સળગાવવાથી વિશ્વવ્યાપી ક્રાંતિ થશે અને ક્રાંતિ થતા સ્થાયી સુખના સાધન એકત્ર થશે તેથી કરીને અત્યારે જે જનસમુદાય દુઃખી છે અથવા જેના દુઃખ-નિવારણના થોડા ઘણા સાધનો પણ મોજુદ છે તેઓએ દુઃખ-નિવારણનો ઉપાય નહિ કરવો જોઇએ, કેમકે દુઃખો ઓછા થવાથી અસંતોષ દબાઇ જશે અને તેને લઇને ક્રાંતિમાં વધારે વિક્ષેપ થશે. આવો મત આજકાલના ઉન્નતિ-કામી પુરુષોમાં છે.

એટલું સત્ય છે કે લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે મનની અંદર અસંતોષની વૃત્તિ જાગવી જોઇએ પણ એ લક્ષ્ય શું છે? એ પ્રશ્ન સૌથી વધારે વિચારણીય છે.

વિષયસુખને માટે અસંતોષની જાગૃતિ કદાપિ લાભદાયક નથી, કેમકે વિષયસુખ સાચું સુખ છે જ નહિ. વિષયસુખ માટે જેટલો અસંતોષ વધશે, તેને મેળવવાના જેટલા પ્રયત્નો થશે અને જેટલો વિષય પ્રાપ્ત થશે તેટલો જ વિષયોનો અભાવ વધશે. ગમે તેટલા વિષયોની પ્રાપ્તિ થાય, ગમે તેટલા દુર્લભ વિષયો મળી જાય પરંતુ મનુષ્યનું મન કદાપિ તેનાથી તૃપ્ત થઇ શકતું નથી. યયાતિ રાજાએ પોતાના પુત્રની જુવાની મેળવીને હજારો વર્ષ સુધી વિષયભોગ કરીને ભોગતૃષ્ણા તૃપ્ત કરવા ઇચ્છયું, પરંતુ તે ઉત્તરોત્તર વધતી જ ગઇ ત્યારે તેણે હારીને કહ્યું: 'પૃથ્વીમાં જેટલી ખાવા-પીવાની ચીજો, ધન, દોલત, હાથી, ઘોડા, ગાય, સ્ત્રી, પુત્ર છે તે સઘળું મળવાથી પણ કામાસક્ત મનુષ્યના મનની કદી તૃપ્તિ થઇ શકતી નથી. વિષયોની કામના, વિષયો ભોગવવાથી કદી પણ શાંત થતી નથી. ઊલટું ઘી નાખવાથી જેવી રીતે આગ વધારે થાય છે તેમ કામનાની આગ પણ વધારે થાય છે. જ્યારે મનુષ્ય કોઇનું પણ બુરું ન ઇચ્છીને સર્વ પ્રાણીયોમાં સમદૃષ્ટિ થઇ જાય છે ત્યારે તેને સર્વ દિશાઓ સુખમય ભાસે છે. જે વસ્તુનો ત્યાગ કરવાનું દુર્બુદ્ધિ પુરુષોને માટે બહુ કઠીન હોય છે, અને શરીર જીર્ણ થઇ જવા છતાં પણ જે જીર્ણ નથી થતી તેવી તૃષ્ણાનો સુખી થવા ઇચ્છનાર માણસે જલ્દી ત્યાગ કરવો જોઇએ. અને પુરાં એક હજાર વર્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી નિરંતર વિષયસેવન કર્યું છતાં પણ મારી તૃષ્ણા બૂઝી નહિ પણ ઊલટી વધતી જાય છે અને જ્યાં જ્યાં વિષયોની તૃષ્ણા વધે છે ત્યાં ત્યાં પરિણામે દુઃખ વધતું જાય છે.'

એટલા માટે એવું અનિત્ય, અપૂર્ણ અને ક્ષણભંગુર વિષયસુખ માનવજીવનનું લક્ષ્ય નથી. માનવજીવનનું લક્ષ્ય તો સર્વોપરી સુખની પ્રાપ્તિ છે. જે અખંડ, અનંત, પૂર્ણ અને હંમેશા એક રસ છે, એટલા માટે જે પુરુષને ખરેખરા સુખની ઇચ્છા હોય તેણે ભોગતૃષ્ણાનું દમન કરીને જે કાંઈ સુખ–દુઃખ પ્રાપ્ત થયાં હોય તેનાથી સંતુષ્ટ રહેવું જોઇએ. તૃષ્ણા–નાશપૂર્વક સંતોષમાં જેવું સુખ રહેલું છે તેવું સુખ લોક પરલોકના કોઇ પણ ભાગમાં રહેલું નથી.

यच्च कामसुखं लोके यच्च दिव्यं महत्सुखम् ।
तृष्णासुखस्यैते नार्हतः षोडशीं कलाम् ॥

સાંસારિક ભોગોમાં અને સ્વર્ગાદિ દિવ્ય સુખોમાં કોઇ પણ સુખ તૃષ્ણાક્ષયના સુખના સોળમા ભાગની બરાબર નથી.

યોગાચાર્ય શ્રી પતંજલીએ કહ્યું છે કે––

संतोषादनुत्तमसुखलाभः ।

સંતોષથી અનુભવ સુખની–નિરતિશય આનંદની પ્રાપ્તિ થાય છે. અસંતોષથી હંમેશા સર્વગત આત્મામાં સ્થિતિ થાય છે અને ત્યારે સાચો, અખંડ, નિરતિશય આનંદ મળે છે, કેમકે અનંત, અસીમ, સનાતન, નિત્ય, સર્વગત, અચળ, અવિનાશી, આનંદ આત્મામાં જ છે તે આનંદ જ આત્માનું સ્વરૂપ છે એનાથી જ આત્માનંદ પુરુષો દરેક સ્થિતિમાં આત્માનંદમાં જ નિમગ્ન રહે છે. કહ્યું છે કે–"જેને આત્મામાં રતિ છે, જે આત્મામાં તૃપ્ત છે અને આત્મામાં જ સંતુષ્ટ છે તેને માટે કોઈ કર્તવ્ય જ નથી."

સંતોષ, આળસુ અને અકર્મણ્ય પુરુષોના કામની ચીજ નથી, આળસુ અકર્મણ્ય પુરુષો સંતોષી નથી હોતા, તેઓ તો કામનાની જ્વાળામાં હમેશાં બળ્યા કરે છે, તેઓની તૃષ્ણા કદી પણ મટતી નથી. કુશળતાપૂર્વક કામ કરવાની શક્તિ અને મતિ નહિં હોવાથી તેઓ સંતોષનું નામ લે છે. તેઓનો સંતોષ આધ્યાત્મિક માર્ગના પરમ સાધનરૂપ સંતોષથી સર્વથા ભિન્ન છે. સંતોષ તો મનુષ્યને વિષયાસક્તિથી છોડાવીને, તૃષ્ણાના તપેલા પ્રવાહથી જુદો પાડીને ઈશ્વરાભિમુખ બનાવીને સાચો કર્તવ્યશીલ બનાવે છે. શાંત ચિત્તવાળો સંતોષી પુરુષ જ પોતાના બધા વ્યક્તિગત સ્વાર્થો છોડીને નિષ્કામભાવથી દેશ અને વિશ્વના કલ્યાણને માટે કર્તવ્ય કર્મનું આચરણ કરી શકે છે.

સંતોષની ભાવનાએ ભારતવાસીઓને કર્તવ્યવિમુખ અને પરાધીન બનાવી દીધા છે એ કલ્પના ભ્રમમાત્ર છે. ઊલટું સંતોષનો અભાવ અને તૃષ્ણાની પ્રબળતાએ મનુષ્યના મનમાં દેશપ્રેમ તથા વિશ્વપ્રેમના આદર્શ ભાવો નષ્ટ કરીને દેશ અને વિશ્વ પ્રત્યે વિશ્વાસઘાત કરનારી હલકી વૃત્તિઓ પેદા કરી છે. ભોગતૃષ્ણાને લઇને મનુષ્ય પોતાના જરા જેટલા સ્વાર્થ ખાતર દેશાત્મા અને વિશ્વાત્માનો નાશ કરવા તૈયાર થઈ જાય છે, અને પરિણામે પોતાની મૂર્ખાઈથી પોતાના વિનાશના સાધન કરી બેસે છે. આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે અસંતોષ ઉન્નતિનું નહિ પણ અવનતિનું જ મૂળ છે. અસંતોષથી જ જીવનમાં જાગૃતિ નથી આવતી. જીવનમાં સાચી જાગૃતિ આવે છે સત્ત્વગુણની વૃદ્ધિથી.

અસંતોષથી તો સત્ત્વગુણનો વિકાસ રોકાઈ જાય છે, જેના પરિણામરૂપ ભય, દ્વેષ, શત્રુતા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંસા, અશાંતિ અને દુઃખો આવે છે, એ જ કારણથી આજે જગતમાં જેટલો અસંતોષ વધી રહ્યો છે તેટલો જ ભય, દ્વેષ, શત્રુતા, હિંસા, અશાંતિ અને દુઃખોનું જોર પણ વધી રહ્યું છે. સંતોષના સાધનથી મનુષ્યની ભોગલાલસા શાંત થાય છે, તે પરમાત્મા પર વિશ્વાસ રાખીને સત્ય તથા ન્યાયના માર્ગે જીવનનિર્વાહ કરતા શીખે છે, અને સત્યના રક્ષણ ખાતર પ્રાણનું બલિદાન આપી શકે છે. પરમાત્મા જ એક માત્ર સત્ય છે અને એની પ્રાપ્તિ એ જ મનુષ્ય જીવનનો એક માત્ર ઉદ્દેશ છે એ સત્ય મેળવવા માટે જ સંતોષનું સાધન કરવાની પરમ આવશ્યકતા છે.

સંતોષનું સાધન બે રીતે થઇ શકે છેઃ આત્માના સ્વરૂપને સમજીને આત્માની પૂર્ણતામાં વિશ્વાસ કરવાથી અથવા પરમ મંગલમય પરમાત્માના વિધાન પર નિર્ભર રહેવાથી. બન્નેનું ફળ એક જ છે. એક જ્ઞાનીઓનો માર્ગ છે, બીજો ભક્તોનો માર્ગ છે. શ્રીમદ્ ભગવત ગીતામાં ભક્તોના લક્ષણ બતાવવામાં બે વખત 'સંતુષ્ટ' શબ્દનો પ્રયોગ કરીને ભક્તોમાં સંતોષની આવશ્યકતા સિદ્ધ કરી છે.

'संतुष्टः सततम्' 'संतुष्टो येन केनचित्'

અને ચતુર્થ અધ્યાયમાં કહ્યું છે કે–

यदृच्छालाभसंतुष्टो द्वन्द्वातीतो विमत्सरः।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते।
गतसंगस्य मुक्तस्यज्ञानावस्थितचेतसः।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते॥

"જે પુરૂષ પરમાત્માના વિધાન અને પ્રકૃતિના નિયમ અનુસાર વગર પ્રયાસે પ્રાપ્ત વસ્તુ તથા સ્થિતિમાં સંતુષ્ટ છે, હર્ષ શોકાદિમાં અતિથ છે, સફળતા અસફળતામાં સમબુદ્ધિ રહે છે તે કર્તવ્ય કર્મ કરવા જતાં કર્મબંધનમાં બંધાતો નથી, કેમકે આસક્તિથી રહિત, પરમાત્માના જ્ઞાનમાં સ્થિત ચિત્તવાળા મુક્ત પુરુષના સમસ્ત કર્મો જે તે લોકકલ્યાણ માટે કરતો હોય છે તે પરમાત્મામાં જ વિલીન થઈ જાય છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે સંતોષ મનુષ્યને કર્તવ્ય કર્મના ત્યાગ માટે અડચણ નથી કરતો, ઊલટો તે તેને અચળ સમત્વની શાંતિમય ભૂમિકા પર પહોંચાડીને હંમેશને માટે સુખી બનાવે છે અને જે જે લોકો તેના સંબંધમાં આવે છે તેને પણ સુખી બનાવવાનો યત્ન કરે છે.

## સાચો શ્રમણ.

**જેની** પ્રવૃત્તિઓ જીવજંતુનો વધ ન થાય તે માટે કાળજીવાળી છે, જેના મન-વાણી-કાયા સુરક્ષિત છે, જેની ઇંદ્રિયો નિયંત્રિત છે, જેના વિકારો જિતાઇ ગયેલા છે, જેનામાં શ્રદ્ધા અને જ્ઞાન પરિપૂર્ણ છે, તથા જે સંયમી છે તે શ્રમણ કહેવાય.

જેને આ લોક કે પરલોકમાં કશી આકાંક્ષા નથી, જેના આહારવિહાર પ્રમાણસર છે તથા જે ક્રોધાદિ વિકારથી રહિત છે તે **સાચો શ્રમણ** છે.

—**શ્રી કુંદકુંદાચાર્ય**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મહિતશિક્ષા–ભાવના

તું જીવ છે તું જડ નથી, ચૈતન્ય તારું રૂપ છે,
જડ વિશ્વ તારું દાસ છે, તું તો સહુનો ભૂપ છે;
નિર્બળ બની તું દીનતા, શું દાખવે જડ આગળે?
શક્તિ અનંતીના ધણી, જડમાં જઈ તું શું ભળે? ૧

શી ખોટ છે ત્હારી કને, આનંદની ને સુખની?
ચિંતા ન કર આનંદઘન, તુજમાં ન માત્રા દુઃખની;
તું સિંહ છે નિજ રૂપ જો, જંબુકની સજ ભાવના,
આ ઝાંઝવાના નીર સમ, સંસાર–સુખમાં રાચ ના. ૨

તન ધન સ્વજનમાં ઐકયતા, તું વ્યર્થ શું કરવા કરે?
તુજથી નિરાળાં એ સહુ, સહુથી નિરાળો તું ખરે;
જડ ભાવ સહુ સંસારના, સંયોગથી આવી મળ્યા,
રે જીવ! તેં મમતા કરી, તેથી કરી તુજ ગુણ ટળ્યા. ૩

નિજ ભાવ છોડીને સદા, પરભાવમાંહિ તું રમ્યો,
તેથી કરી તું જીવયોનિ, લાખ ચોરાશી ભમ્યો;
જગમાં તને બહુ રૂપમાં, જે વસ્તુઓ દેખાય છે,
તે નવ નવા સહુ જડતણા, પર્યાય જગમાં થાય છે. ૪

બદલાય વસ્તુની અવસ્થા, નાશ તે કહેવાય છે,
જયમ દૂધ મેળવવા થકી, દહીં રૂપમાં બદલાય છે;
માટે ન કર તું શોક ચેતન, નષ્ટ વસ્તુનો કદા,
નિજ રૂપ નિહાળી ખરે, આનંદમાં તું રહે સદા. ૫

વાંછા ન કર તું વિષયની, જડ વસ્તુનાં તે ધર્મ છે,
નિજ ધર્મ છોડી સેવવો, પરધર્મ તે જ અધર્મ છે;
અભિલાષ સુખનો છે તને, તે સુખ છે તારી કને,
તું જ્ઞાન–ચક્ષુથી નિહાળી, જો જણાશે તે ત્હને. ૬

આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવાહના પ્રશ્નો

## એક દિવસ કત્લખાનું બંધ—

કરાંચીની મ્યુનિસિપાલીટીના એક કોરપોરેટર ભાઈ ખીમચંદ શાહની દરખાસ્તથી ત્યાં એક એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે કે "વર્ષભરમાં એક દિવસ માટે કરાંચીના સમસ્ત કત્લખાનાઓ બંધ રાખવા."

આ ઠરાવ પ્રમાણે તા. ૨ જી ઓકટોબરનો દિવસ નક્કી કરવામાં આવેલ છે, અને તે પ્રમાણે ગત તા. ૧૨ મીના રોજ ત્યાં કતલખાના બંધ રાખી સારાએ દિવસને "અહિંસા" દિવસ તરિકે ઉજવવામાં આવેલ. આ ઠરાવ પસાર કરાવવામાં કરાંચીના મેયરસાહેબ, એક પારસી ગૃહસ્થ મી. સીંધવાનો સહકાર અને મુનિ મહારાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજની પ્રેરણા પણ એટલી જ પ્રશંસનીય હતી.

ઠરાવ રજૂ થવા પછી, ઠરાવને અંગે જે જે હકીકતો એકત્ર કરવામાં આવેલ, તેમાંથી જાણવામાં આવેલ કે—

(૧) આ રીતે એક દિવસ કત્લખાનું બંધ રાખવાનો ઠરાવ હિન્દભરમાં કોઈ સ્થાને અત્યારે છે નહિ.

(૨) લન્ડન જેવા પાશ્ચિમાત્ય દેશમાં, ત્યાંની પ્રજા ત્યાં આગળ, એક દિવસ કત્લખાનું બંધ રહે તેવી ભાવના રાખે છે.

આ સંયોગો વચ્ચે, સિંધ જેવો માંસાહારી પ્રદેશ આ મતલબનો ઠરાવ પસાર કરે, એ ખરેખર અન્ય પ્રદેશો માટે વિચારવા જેવું, અને કરાંચી માટે પ્રશંસનીય પગલું ગણાય.

'જીવદયા'નો પાઠ આજે આપણે શીખવાનો ન હોય. એ સૂત્ર તો આપણી સંસ્કૃતિના મૂળમાં ઠાસી ઠાસીને ભરેલું છે, એમ છતાં જીવદયાનો સંદેશ જગતને કેમ પહોંચાડવો? એ પરમ સૂત્ર જગતને કેમ પચાવવું? તે હજુ બરાબર સમજતા નથી. એ વસ્તુ સાધવામાં જરૂર આપણે પછાત છીએ. અલબત્ત જીવદયા માટે આપણે કંઇ ને કંઈ કરતા આવ્યા છીએ અને કરી પણ રહ્યા છીએ, પરંતુ પ્રાધાન્યપણે તેમાં રહેલ વ્યાપારી દૃષ્ટિ ગૌણ બનાવી, આધુનિક પ્રચારદૃષ્ટિનો ઉપયોગ વિચારવામાં ન આવે ત્યાંસુધી તેનું સચોટ અને સંગીન પરિણામ ન આવી શકે.

આ ઠરાવ પછી આપણે એ પણ જોઇ શકયા છીએ કે લન્ડનમાં પણ એક દિવસ કત્લખાનું બંધ રાખવાની ભાવના જન્મવા પામી છે જ્યારે અહિંસાપ્રધાન હિન્દમાં એ માટેની ભાવના હોય એ સ્વાભાવિક છે. અલબત્ત એ દિશામાં હજુ આપણે પ્રયાસ કર્યો નથી, એમ છતાં કરાંચીની જેમ સ્થળે સ્થળે યોગ્ય પ્રયાસ કરવામાં આવે તો વધુ નહીં તો એક દિવસ કત્લખાનું બંધ રખાવવાનો પ્રયાસ નિષ્ફળ ન જ નીવડે.

જીવદયાપ્રેમી ભાઇઓ સ્થળે સ્થળે આ પ્રશ્ન ઉપાડી કરાંચીના આ ઠરાવને સત્કારવાને અને પોતાના સ્થાને આવો ઠરાવ પસાર કરાવવા માટે લાગતા-વળગતાઓને સૂચવવાનું હાથ પર લ્યે તો બહુ જ ટૂંકા સમયમાં આવો ઠરાવ હિન્દભરમાં આપણે પસાર કરાવી શકીએ.

ઇચ્છીએ કે જૈન કે જૈનેતર સૌકોઇ જીવદયાપ્રેમી સમાજ આ પ્રશ્નને અપનાવી લ્યે અને યોગ્ય ઠરાવો કરી ઘટતા સ્થાને મોકલી આપે.

× × × ×

## અનુચિત આક્ષેપો—

જૈન સંસ્કૃતિ અને ઇતિહાસ પર અનુચિત આક્ષેપો થવાના ઘણાં પ્રસંગો અવારનવાર બહાર આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય રીતે આવા આક્ષેપોમાં જૈનેતર લેખકનું અજ્ઞાન હોય છે. જૈન ધર્મ સંબંધી જોઇએ તેટલી વિગત તેઓ મેળવતા નથી અને અધૂરી વિગતને પરિણામે તેમના હાથે આલેખાતું સાહિત્ય જૈન સંસ્કૃતિને અંગે ગેરસમજ ઉત્પન્ન કરે છે. આમાં કેટલુંક સાહિત્ય યુવાન-વિદ્યાર્થીઓના હાથમાં એમના અભ્યાસ માટે મુકાય છે, કેટલુંક સાહિત્ય વિદ્વાન ગણાતા સાહિત્યપ્રેમી જગત સમક્ષ રજૂ થાય છે અને કેટલુંક આમજનતા સમક્ષ પણ રજૂ થાય છે.

તાજેતરમાં કાનપુરથી 'આનંદમાળા' નામની પુસ્તક પ્રકાશન સંસ્થાએ 'ભારતવર્ષનો ઇતિહાસ' નામનું હિન્દી પુસ્તક શ્રી રામકૃષ્ણ માથુર નામના લેખક પાસે લખાવી બહાર પાડ્યાની વાત બહાર આવી છે. અને તે પાઠ્ય-પુસ્તક તરીકે મંજૂર થતાં વિદ્યાર્થી આલમમાં પ્રચાર પામતું જાય છે.

આ પુસ્તકમાં ભગવાન મહાવીરનો સમય, સંસ્કૃતિ અને જીવન-સંદેશને બહુ જ વિકૃત રીતે ચીતર્યો છે, જે અભ્યાસીના મન પર જૈન-ધર્મ માટે છેક અવળી જ છાપ પાડે છે.

મુનિશ્રી જ્ઞાનસુંદરજી મહારાજનું આ તરફ લક્ષ જતાં તેઓશ્રીએ સમાજનું એ તરફ એક લેખદ્વારા ધ્યાન ખેંચ્યું છે.

અજ્ઞાત લેખકોને હાથે જૈન સંસ્કૃતિ પર આલેખાતા આવા આક્ષેપોનો આ પ્રથમ પ્રસંગ નથી. પ્રાન્ત પ્રાન્તના જુદી જુદી ભાષામાં પ્રગટ થતાં સાહિત્યનું જો અવલોકન કરવામાં આવે તો આવા આક્ષેપોની એક મોટી હારમાળા આપણી સામે ખડી થાય, પણ એ જાતનું વ્યવસ્થિત અવલોકન કરનાર વ્યક્તિઓની આપણી પાસે સગવડ કયાં છે?

કોઇ વાચક કે વિદ્વાનના હાથમાં, કોઇ કાળે અકસ્માત આવું સાહિત્ય આવી પડે છે અને તે કોઇ વખત આપસમાં ચર્ચા કરીને એ આક્ષેપ યુક્ત સાહિત્યને અંગે પોતાની ફરજ પૂરી માને છે, તો કોઇ તેને અંગેનું એકાદ નિવેદન લખી, વર્ત્તમાન પત્રોને પાને એ માટે યોગ્ય ફરિયાદ નોંધાવે છે. વાચકો આવા નિવેદનો વાંચી ખેદ જાહેર કરે છે, અને એટલેથી એ અનુચિત આક્ષેપોના વિરોધનું કાર્ય પરિપૂર્ણ થતું હોય તેમ વિરોધનો પ્રવાહ ત્યાં થંભી જાય છે.

આ પ્રશ્ન જ્યાં સુધી ગંભીરપણે ન વિચારાય ત્યાં સુધી આક્ષેપોની પરંપરા અટકવાને બદલે વધે તે સ્વાભાવિક છે. કોઇપણ આગેવાન સંસ્થા અભ્યાસ મંડળ જેવું તંત્ર ઉપસ્થિત કરી, આ કાર્ય ઉપાડી લે તો બહુ જ ઓછા શ્રમે આ કાર્ય આટોપી શકાય.

આવું મંડળ-પ્રાન્તે પ્રાન્તમાં ત્યાંના વિદ્વાનોનું એક મંડળ સ્થપાવે અને તે મંડળ પ્રગટ થતું સાહિત્ય અવલોકે અને જ્યારે જ્યારે ધ્યાન ખેંચવા જેવો કોઇ પ્રશ્ન હોય ત્યારે કેન્દ્ર-સભાદ્વારા એવા સાહિત્યના લેખક, પ્રકાશક કે સંચાલકનું લક્ષ ખેંચી, પરસ્પર ચર્ચા કરી આક્ષેપોનું નિવારણ કરી શકે.


આ રીતનું કોઇ જવાબદાર તંત્ર યોજાય તો કોઇ આક્ષેપોનો પ્રશ્ન અણઉકલ્યો ન રહેવા પામે તેટલું જ નહી પરંતુ સમય જતાં, જૈન સંસ્કૃતિને અંગે લખવા માગતા લેખકો સાથે પણ તેમના લેખન પહેલા જ ચર્ચા કરી લેવાના પ્રસંગો આપોઆપ યોજાતા આવશે.

આવું મંડળ જૈન સાહિત્યનો વિશાળ જગતમાં પ્રચાર કરવાનું કે કોઇ સ્થાને તૈયાર થતી વાચનમાળાઓમાં જૈન સંસ્કૃતિને અંગે યોગ્ય પાઠમાળાઓ દાખલ કરાવવાનું કાર્ય પણ કરી શકે.

આ અને આવા અનેક પ્રશ્નોનો ઊકેલ આવું અભ્યાસ મંડળ બહુ જ સારી રીતે કરી શકે એ નિઃસંદેહ છે. આશા રાખીએ કે જૈન જગતની આગેવાન અને જવાબદાર સંસ્થાઓ આ માટે યોગ્ય સંચાલન કરી જૈન સંસ્કૃતિના પ્રચારનું અને અયોગ્ય આક્ષેપો નિવારવાનું મહદ્ કાર્ય તરતમાં ઉપાડી લ્યે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## અત્યંત ખેદજનક અવસાન

આ સભાના મુખ્ય સેક્રેટરી બંધુ વલ્લભદાસ ત્રિભુવનદાસના પુત્રરત્નનું લગભગ દોઢ વર્ષની ઉમ્મરમાં જ આસો શુદિ ૧૩ ના દિવસે ખેદજનક અવસાન થયું છે. આ અવસાન ખાસ કરીને નોંધવા લાયક એટલા માટે છે કે ભાઇશ્રી વલ્લભદાસભાઇને પુત્રરત્નની પ્રાપ્તિ મોટી ઉમ્મરે થઈ હતી અને તેની મુખમુદ્રા જોતાં આગાહી પણ સુંદર હતી. વસ્તુસ્થિતિ આમ હોવાથી એમને અને એમના સ્નેહીઓને ખાસ કરીને હર્ષનો વિષય બન્યો હતો, પરંતુ કાળની ગતિ અકળ છે. પરિવર્તનશીલ સંસારની અનિત્ય પરિસ્થિતિમાં હર્ષ શોકના દ્વંદ્વો મિશ્રિત છે તદનુસાર એ પુત્રરત્ન દોઢ વરસની ઉમ્મરમાં જ આ સ્થૂળ જગતમાંથી અદૃશ્ય થયું છે અને પંચકારણોમાં ભવિતવ્યતા બળવાન બની છે. ભાઇશ્રી વલ્લભદાસભાઇને એકનું એક પુત્રરત્ન અદૃશ્ય થતાં અત્યંત ગ્લાનિ થાય તે સ્વાભાવિક છે પરંતુ એ બાલકને પણ અમૂલ્ય માનવજન્મની પ્રાપ્તિ નકામી નીવડી છે. હવે તો વૈરાગ્ય દૃષ્ટિએ "**जातस्य हि ध्रुवं मृत्युः**" એ સૂત્રથી લેણદેણનો સંબંધ વિચારી કુદરતે જે દુઃખ સોંપ્યું તે દૃઢ આત્મબળપૂર્વક સહન કરવા, તેમજ સંસ્થાના જે જે કાર્યો તેઓ ગતિમાન કરી રહ્યા છે તેમાં સવિશેષ પ્રગતિ સાધવા અને કુદરતની ઇચ્છાને આધીન વર્તવા ભાઇશ્રી વલ્લભદાસભાઇને દિલાસો આપવા સાથે સૂચના કરીએ છીએ; અને ઉક્ત પુત્રરત્નના અમર આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતિ

આસો શુદિ ૧૦ ને મંગળવારના રોજ આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ હોવાથી શ્રી જૈન આત્માનંદ સભા તરફથી જયંતિ ઉજવવામાં આવી હતી. સવારમાં શ્રી મોટા જિનાલયમાં શ્રી નવપદજીની પૂજા ભાવપૂર્વક ભણાવવામાં આવી હતી અને બપોરના સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

## એક ઉમદા સખાવત

જામનગર અને પાસેના પ્રદેશમાં વરસાદના અભાવે આજે સખ્ત દુષ્કાળ જેવી સ્થિતિ છે. દુકાળને અંગે ખેડૂતો, વેપારીઓ અને આમવર્ગની સ્થિતિ કરુણાજનક થતી આવે છે. તેઓને રાહત આપવા માટે સ્ટેટ તરફથી એક ફાળો કરવામાં આવતા સંઘવી શેઠ પોપટલાલ ધારશીભાઇએ રૂપીયા પંદર હજારની ઉમદા સખાવત જાહેર કરી છે. આ રીતે જાહેર હિતના કાર્યોમાં છેલ્લા દોઢ વર્ષમાં ખુદ જામનગર માટે શેઠશ્રી તરફથી રૂા. ૫૦,૦૦૦) સેનિટેરીયમ માટે, રૂા. ૩૫,૦૦૦) એકસરેના મશીન વગેરે માટે ઇરવીન ઇસ્પીતાલમાં, એમ મળીને એક લાખની સખાવત જાહેર થઇ છે. જૈનસમાજના કાર્યો માટે જુદી જુદી સંસ્થાઓ વગેરે માટે પણ એમની સખાવત એટલી જ મોટી છે.

આ પ્રસંગે ત્યાંના આગેવાન જૈન ગૃહસ્થ શેઠ છગનલાલ ભાણજીભાઇએ પણ રૂપીયા અગીયાર હજારનો ફાળો દુષ્કાળ રાહત ફંડમાં નોંધાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**શ્રી કલ્પસૂત્ર–શ્રી કલ્પલતા વૃત્તિ**–શ્રીસમયસુંદરગણિવિરચિત શ્રી કાલકાચાર્યની કથા સહિત. શ્રી કલ્પસૂત્ર ઉપર ઘણી વૃત્તિઓ થઇ છે. તેમાં ખરતર ગચ્છના વિદ્વાન મુનિરાજશ્રી સમયસુંદર ગણિની બનાવેલી કલ્પસૂત્ર ઉપરની આ વૃત્તિ (ટીકા) છે. આ વૃત્તિમાં શ્રી કાલિકાચાર્યની કથા પણ આપવામાં આવેલી છે.

આ ગ્રંથના સંપાદક ખરતર ગચ્છાચાર્ય શ્રી કૃપાચંદ્રજીસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સુખસાગરજી મહારાજ છે કે જેઓએ ઇતિહાસ–તત્ત્વજ્ઞાન વગેરેના શુમારે બાવીસ ગ્રંથો લખ્યા છે જેમાંથી કેટલુંક જાણવા જેવું મળી શકે છે.

આ ગ્રંથમાં ગુજરાતી નિવેદન ભાઇશ્રી મોહનલાલ દલીચંદ દેશાઇનું આપેલું છે. તેમાં તેઓ જણાવે છે કે કલ્પસૂત્રનો મહિમા તેમાં શું આવેલ છે, કલ્પસૂત્રનું વ્યાખ્યાન અલ્પજ્ઞાનવાળાને વાંચવું સુગમ પડે તેવી આ કલ્પસૂત્ર ઉપરની આ કલ્પલતા વૃત્તિ તેના રચનાર મહાત્માએ તે ઉદ્દેશથી બનાવી પ્રભુના કલ્યાણકો સંબંધી ગચ્છોની જે માન્યતા છે તે સંબંધી વિસ્તારપૂર્વક ખુલાસો નિવેદનમાં આપવામાં આવ્યો છે, જે વાંચવા જેવો છે.

આ વૃત્તિનો રચનાકાળ ખાસ આપવામાં આવ્યો નથી પરંતુ સંવત ૧૬૮૬ પહેલાં એટલે કે સુમારે સં. ૧૬૮૪માં આ કલ્પલતા વૃત્તિ રચી હોય તેમ નક્કી થાય છે તેમ નિવેદનમાં કેટલીક હકીકત સાથે જણાવવામાં આવ્યું છે.

આ નિવેદનમાં સમયસુંદર ગણિજી મહારાજનું વૃત્તાંત, ગ્રંથરચના વિગેરે ટૂંકામાં આપ્યું છે.

એ સિવાય નિવેદનમાં આ ગ્રંથ સંબંધી ઘણી હકીકતો વાંચવા જેવી જણાવી છે.

આ ગ્રંથ પુસ્તકોધ્ધારક ફંડ, સુરત તરફથી ૪૨મો પ્રગટ થયેલ છે. સારા ઊંચા કાગળો સુંદર-શાસ્ત્રી ટાઇપમાં શુધ્ધ રીતે પ્રગટ થયેલ છે. કિંમત નહિ રાખતા ભેટ આપવા નિર્ણય કરેલ હોવાથી આર્થિક સહાય આપનાર જૈન બંધુઓએ જ્ઞાન-ભક્તિ કરી છે.

**જૈન ઇતિહાસ** (તીસરા ભાગ)–શ્રીમતી સવિતાબાઇ કાપડીયા સ્મારક ગ્રંથમાળા નં. ૮. લેખક પં. મૂલચંદ જૈન વત્સલ. પ્રકાશક મૂલચંદ કિશનદાસ કાપડીયા–સૂરત. 'દિગંબર જૈન' માસિકના ૩૨મા વર્ષની ભેટનો આ ગ્રંથ હિંદી ભાષામાં પ્રગટ કરેલ છે. આ ગ્રંથના ૨૯ પાઠમાં શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી મહાવીરસ્વામી તે વખતમાં થયેલ ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ અને મહાવીરસ્વામીના વખતના શ્રેણિક રાજા, ત્યારબાદ જંબૂસ્વામી, પછી ચંદ્રગુપ્ત વિગેરેના ચરિત્રો સંક્ષિપ્તમાં આપવામાં આવેલ છે. કીંમત ૧૨ આના કાંઇક અધિક છે.

## રિપોર્ટ–પહોંચ

(૧) શ્રી વિદ્યોત્તેજક મંડળ–ઊંઝા સં. ૧૯૯૩–૯૪–૯૫નો ત્રણ સાલનો રિપોર્ટ

(૨) શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગ હાઉસ–સુમેરપુર તૃતીય અને ચતુર્થ વર્ષ વિવરણ

(૩) શ્રી કટારીઆ પ્રતિષ્ઠા મહોત્સવના સંસ્મરણો વિગેરે મળ્યા છે, જે સાભાર સ્વીકારવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુકત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો **જૈન સમાજ** અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## નવીન ત્રણ ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત
૨ ઉપદેશમાળા-શ્રી સિદ્ધર્ષિકૃત મોટી ટીકા
૩ શ્રી નિશિથ ચૂર્ણિસૂત્ર ભાષ્ય સહિત.

---

## શ્રી પરમાત્માના ચરિત્રો.

( ગુજરાતી ભાષામાં ) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨-૦-૦
૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪-૮-૦
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦
૫ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૦-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦-૧૦-૦

## છપાતાં મૂળ ગ્રંથો.

૧ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ )
२ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग.
४ पांचमो छठ्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्पसूत्र भाग ४-५

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦॥= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦।= |
| શ્રી દંડક વૃત્તિ | ૦॥ |
| શ્રી નય માર્ગદર્શક | ૦॥= |
| શ્રી હંસવિનોદ | ૦॥। |
| કુમાર વિહારશતક | ૧॥ |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦॥ |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦।= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦॥। |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦॥।= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦।= |
| શ્રી આત્મપ્રબોધ | ૨॥ |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦॥ |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦॥ |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।- |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦॥ |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧॥ |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨॥ |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨॥ |
| શ્રી આચારોપદેશ | ૦॥ |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧॥। |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦।= |
| કુમારપાળપ્રતિબોધ | ૩॥। |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦॥।= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧॥। |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧॥। |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨॥ |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦॥= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)=॥ |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| ,, ,, ,, રેશમી પુઠું | ૨॥ |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧॥ |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| ,, સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦॥। |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦॥= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | |

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું;—ભાવનગર.

For Private And Personal Use Only